# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

RNI NO. : GUJGUJ/2016/67425

17 JANUARY, 2026 SATURDAY

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 300 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com





પેજ 2  કદ પ્રમાણે વેતરાઈ જતાં પૂર્વ મંત્રી બચુ ખાબડ ધૂંઆપૂંઆ

પેજ 3  આર્ચરીમાં મહીસાગરના રમતવીરોનો દબદબો

પેજ 7  એક્ટર દિપક તિજોરી સાથે ફિલ્મ ફંડીગના નામે છેતરપિંડી

પેજ 5 મુંબઈનો બોસ ભાજપ ઠાકરે બંધુઓનો ખેલ હવે ખતમ થયો


### ઈરાનમાં વેનેઝૂએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો જેવી કાર્યવાહી કરવી શક્ય નથી

# ઈરાન હોર્મુઝની ખાડી બંધ કરશે તેવા ડરથી ટ્રમ્પ આક્રમણ કરતાં નથી

## હોર્મુઝનો અખાત એક મહિનો બંધ રહે તો ક્રૂડ ઓઈલનો ભાવ પ્રતિ બેરલ 110 ડોલરને આંબી જાય



નવી દિલ્હી : ઈરાનમાં ઈસ્લામિક કટ્ટરવાદી સરકાર સામે પ્રજાનું જબરદસ્ત વિરોધ પ્રદર્શન છે અને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ તેમને ધમકીઓ પર ધમકીઓ આપે છે. આમ છતાં વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો જેવી કોઈ કાર્યવાહી કેમ કરતા નથી કે ઈરાન પર કેમ હુમલો કરતાં નથી તે સવાલ બધાને થાય તેમ છે. ટ્રમ્પ આમ કરતાં ખચકાઈ રહ્યા છે તેનું કારણ છે હોર્મુઝની ખાડી.

કોઈને પણ સવાલ થાય કે હોર્મુઝની ખાડીમાં વળી એવો તે શું છે કે તેના કારણે ટ્રમ્પ ઈરાન પર સીધો હુમલો કરતાં નથી. વાસ્તવમાં ઈરાન અને ઓમાન વચ્ચે આવેલી હોર્મુઝનો અખાત વિશ્વના સૌથી મહત્ત્વના સમુદ્રી રસ્તાઓમાં એક છે. તે ફારસની ખાડીને અરબ સાગર સાથે જોડે છે. વિશ્વનો સૌથી મહત્ત્વનો ઓઈલ ચેકપોઈન્ટ હોવાના કારણે અહીંથી વૈશ્વિક તેલ પુરવઠાનો પાંચમો હિસ્સો પસાર થાય છે અને મોટાપાયા પર લિક્વીફાઈડ નેચરલ ગેસ (એલએનજી)નો વેપાર થાય છે.

હવે જો અમેરિકા હુમલો કરે તો ઈરાન બદલાની કાર્યવાહીમાં હોર્મુઝની સામુદ્રધુનીને નિશાન બનાવી શકે છે. તેના માટે તે દરિયામાં માઈન્સ બિછાવી શકે છે, મિસાઈલો અને ડ્રોન હુમલા કરી શકે છે. આ સિવાય વેપારી જહાજોને હેરાન કરીને આ રસ્તો અવરોધી શકે છે. આ દરિયાઈ માર્ગમાં જરા પણ અવરોધ આવે છે તો તેની સીધી અસર વૈશ્વિક ઉર્જાબજાર પર પડે છે. તેના કારણે વૈશ્વિક ઊર્જા બજારોમાં ક્રૂડ ઓઈલની કિંમત આકાશને આંબી શકે છે.

આ સામુદ્રધુનીના સૌથી સાંકડા હિસ્સાની પહોળાઈ ફક્ત ૩૩ કિ.મી. ની છે. ખાડી દેશોમાંથી તેલ અને ગેસને આંતરરાષ્ટ્રીય બજારોમાં પહોંચાડવાનો આ એકમાત્ર માર્ગ છે. આ રસ્તા પરથી વિશ્વના કુલ ક્રૂડ ઓઈલનો ૨૦ ટકા હિસ્સો રોજ પસાર થાય છે. ૨૦૨૫માં પ્રતિ દિન ૧.૩ કરોડ બેરલ ઓઈલ આ રસ્તા પરથી પસાર થયું હતુ, જે વૈશ્વિક દરિયાઈ વેપારના ૩૧ ટકા થાય.

સાઉદી અરેબિયા, ઈરાક, ઈરાન, કુવૈત અને યુએઈ જેવા મોટા ઓઈલ ઉત્પાદક દેશ ઉર્જાનો પુરવઠો પૂરો પાડવા નિકાસ કરવા માટે આ જ રસ્તા પર આધારિત છે. તેમા પણ ખાસ કરીને એશિયાઈ બજારો માટે ચીન, જાપાન, ભારત અને દક્ષિણ કોરીયા જેવા દેશ આ રસ્તાથી આવતા ૮૦ ટકા જેટલા ઓઈલ, કંડેનસેટ અને એલએનજીનો ઉપયોગ કરે છે. તેથી હોર્મુઝની સ્થિરતા સીધી આર્થિક સુરક્ષા સાથે જોડાયેલો મુદ્દો છે.

ગોલ્ડમેન સાક્સના રિપોર્ટમાં જણાવાયું હતું કે એક મહિના માટે પણ ક્રૂડ ઓઈલનો પુરવઠો રોકાયો તો તેનો ભાવ પ્રતિ બેરલ ૩૦ ડોલર કરતાં પણ વધુ ઊંચકાઈને ૧૧૦ બેરલ ડોલરે જઈ શકે છે. તેનાથી ભારતીય શેરબજારોમાં ઉથલપાથલ વધી શકે છે. ભારત અને ચીનમાં મોંઘવારી વધી શકે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતાં જતાં તણાવને કારણે મિડલ ઈસ્ટ પર તોળાઈ રહેલું યુદ્ધનું સંકટ હાલ પૂરતું ટળી ગયું હોય તેવું જણાય છે.

છેલ્લા 48 કલાકમાં પડદા પાછળ ચાલેલી તીવ્ર રાજદ્વારી ગતિવિધિઓને કારણે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આક્રમક વલણમાં નરમાશ આવી છે. આ સમગ્ર મામલે ચાર આરબ દેશો સાઉદી અરેબિયા, કતાર, ઓમાન અને ઈજિપ્ત મુશ્કેલી નિવારક તરીકે ઉભરી આવ્યા છે.

## ભારતમાં 242 ગેરકાયદે બેટિંગ વેબસાઈટ પર પ્રતિબંધ, ઓનલાઈન સટ્ટાબાજી વિરુદ્ધ કેન્દ્રની કાર્યવાહી

• નવી દિલ્હી

ભારત સરકારે ઓનલાઈન સટ્ટાબાજી અને બેટિંગ વેબસાઈટ સામે કાર્યવાહી કરીને 242 ગેરકાયદે વેબસાઈટ લિંકને બ્લોક કરી છે. સરકારી સૂત્રો મુજબ, ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા ગેરકાયદે સટ્ટાબાજીના ફેલાવાને રોકવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

સરકારનું કહેવું છે કે, અત્યાર સુધીમાં 7,800 થી વધુ ગેરકાયદે સટ્ટાબાજી અને બેટિંગ વેબસાઈટ્સ બંધ કરવામાં આવી છે. ઓનલાઈન ગેમિંગ એક્ટ લાગુ થયા પછી આ પ્લેટફોર્મ્સ સામે કાર્યવાહીની ગતિ નોંધપાત્ર રીતે ઝડપી બની છે.

ઘણી ગેરકાયદે વેબસાઈટ્સ યુવાનોને સરળતાથી કમાણીની લાલચ આપીને બેટિંગ અને સટ્ટાબાજીમાં ફસાવી રહી હતી. આનાથી માત્ર નાણાકીય નુકસાન જ નહીં પરંતુ સામાજિક સમસ્યાઓ પણ વધી રહી હતી. જેને ધ્યાનમાં રાખીને સરકારે કડક દેખરેખ અને તાત્કાલિક કાર્યવાહી અપનાવી છે.

આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય વપરાશકર્તાઓ, ખાસ કરીને યુવાનોને ઓનલાઈન છેતરપિંડી, નાણાકીય નુકસાન અને વ્યસન જેવી સમસ્યાઓથી બચાવવાનો છે. ગેરકાયદે પ્લેટફોર્મને નિયંત્રિત કરવા માટે ટેકનોલોજી અને કાયદા બંનેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

## પુતિન-નેતન્યાહૂ વચ્ચે મધ્યપૂર્વ અને ઈરાન અંગે ફોન પર લાંબી ચર્ચા

મોસ્કો : પ્રમુખ પુતિન અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચે આજે (શુક્રવારે) મધ્યપૂર્વ અને ઈરાન અંગે ફોન ઉપર લંબાણપૂર્વક વાતચીત થઈ હતી. ઉલ્લેખનીય છે કે અમેરિકાનાં પ્રચંડ યુદ્ધ જહાજો ઈરાનની સામે મધદરિયે આવીને ઊભાં તેના બીજા જ દિવસે પ્રમુખ પુતિન અને નેતન્યાહૂ વચ્ચે થયેલી લાંબી મંત્રણાને આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણું મહત્ત્વ અપાઈ રહ્યું છે. તે સર્વવિદિત છે કે રશિયા અને ઈરાન વચ્ચે ગાઢસંબંધો છે. મધ્યપૂર્વની તંગ પરિસ્થિતિ અમેરિકન યુદ્ધ જહાજો ગલ્ફ વિસ્તારમાં પહોંચતાં વધુ તંગ બની ગઈ છે. આ બંને નેતાઓની મંત્રણા વિષે માહિતી આપતાં ક્રેમ્લીનનાં સંસાધનો જણાવે છે કે પ્રમુખ પુતિને મધ્યપૂર્વ તેમજ ઈરાન સાથેના ઈઝરાયલના તંગ સંબંધોમાં તંગદિલી દૂર કરવા માટે મધ્યસ્થી થવાની પણ પ્રમુખ પુતિને તૈયારી દર્શાવી હતી સાથે તેમ પણ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે તે વિસ્તારમાં સલામતી અને સ્થિરતા જાળવવા માટે કરાતા રાજકીય અને રાજદ્વારી કાર્યવાહીઓનાં તેઓ સહભાગી થવા તૈયાર છે.

## અમેરિકાથી અલગ કેનેડાએ ચીનનાં ઈલેક્ટ્રિક વાહનો પર ૧૦૦ ટકા ટેરિફ ઘટાડશે

• બેઈજિંગ

અમેરિકાથી અલગ જઈને કેનેડાએ કેનેડિયન કૃષિ ઉત્પાદનો પર ઓછા ટેરિફનાં બદલામાં ચીનની ઈલેક્ટ્રિક કારો પર પોતાનો ૧૦૦ ટકા ટેરિફ ઘટાડવા સંમતિ દર્શાવી છે તેમ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. કાર્નીએ ચીનનાં નેતાઓ સાથે બે દિવસની બેઠક પછી આ જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે કેનેડાને ચીનનાં ઈલેક્ટ્રિક વાહનોની આયાત પર શરૂઆતમાં ૪૯૦૦૦ વાહનોની મર્યાદા હશે. જે પાંચ વર્ષમાં વધીને ૭૦,૦૦૦ થઈ જશે. તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે ચીન કેનેડિયન નિકાસના મુખ્ય કેનેડિયન કેનોલા બીજ પરના ટેરિફને લગભગ ૮૪ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરશે. કાર્નેએ બેઈજિંગ પાર્કમાં પરંપરાગત પેવેલિયન અને થીજી ગયેલા તળાવની પૃષ્ઠભૂમિ સામે બોલતા જણાવ્યું હતું કે આ બે દિવસ ઐતિહાસિક અને ઉત્પાદક રહ્યાં છે.

શુક્રવારે કાર્ની અને ચીનનાં પ્રમુખ જીનપિંગે વર્ષોની કડવાશ પછી તેમના બે રાષ્ટ્રો વચ્ચેનાં સંબધો સુધારવાનું વચન આપ્યું હતું. ગ્રેટ હોલ ઓફ ધ પીપલ ખાતે યોજાયેલી એક બેઠકમાં જિનપિંગે કાર્નીને જણાવ્યું હતું કે તે સંબધ સુધારવા કામ કરવાનું ચાલુ રાખવા માટે તૈયાર છે.

## સઉદીથી સુદાન સુધી ઈસ્લામિક ‘નાટો’ રચવાનું પાક.નું સપનું

નવી દિલ્હી : પાકિસ્તાને સુદાન સાથે બહુ મોટો સંરક્ષણ સોદો કર્યો છે. તે સુદાનને ૧.૫ અબજ ડોલરનાં શસ્ત્રો તથા ફાયટર જેટસ વેચવાનું છે. આ સાથે પ્રશ્ન તે ઉપસ્થિત થાય છે કે, પાકિસ્તાન સઉદી અરબસ્તાનથી સુદાન સુધીના દેશોનું ’નાટો’ જેવું લશ્કરી ગઠબંધન બનાવવા માગે છે ? પાકિસ્તાને ગત વર્ષે સઉદી અરબસ્તાન સાથે સંરક્ષણ કરારો કર્યા હતા. તેમાં મુખ્ય બાબત તે હતી કે બેમાંથી એક દેશ ઉપર કોઈ અન્ય દેશ દ્વારા હુમલો કરવામાં આવે તો તે પોતાની ઉપર જ થયો છે તેમ માની બેમાંથી એક દેશ તેના સાથી દેશની સહાયે દોડે. આ કરારો પછી તે બંને સાથે તુર્કી પણ જોડાવાની શક્યતા છે, આથી હવે તે જૂથને ’ઈસ્લામિક નાટો’ તેવું પણ નામ અપાયું છે. દરમિયાન પાકિસ્તાને સુદાન સાથે પણ સંરક્ષણ કરારો કર્યા છે જેમાં ઉપર જણાવ્યા પ્રમાણે ૧.૫ અબજ ડોલરનો સંરક્ષણ સોદો કર્યો છે. આ ઉપરથી નિરીક્ષકો તેવું અનુમાન તારવે છે કે, પાકિસ્તાન ’નાટો’ જેવું એક ઈસ્લામિક લશ્કરી જૂથ રચવા આગળ વધી રહ્યું છે. પાકિસ્તાનનાં સંરક્ષણ ઉત્પાદન સાથે જોડાયેલો વિભાગ સંભાળતા મંત્રી રઝા હયાત હર્રાઝનું કહેવું છે કે, ’અમે સઉદી અરબસ્તાન અને તુર્કી સાથે કરારો કરવાના છીએ અને તે કરારોનો ડ્રાફ્ટ બંને દેશોને મોકલાઈ ગયો છે.’ અમે ત્રણે તે દિશામાં કામ કરી રહ્યા છીએ જે એક પ્રકારનું ’ઈસ્લામિક-નાટો’ બની રહેશે.

### 27 દેશો સાથે થશે ‘મધર ઓફ ઓલ ડીલ્સ’

## ભારત-EU ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અંતિમ તબક્કામાં

• નવી દિલ્હી

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે જણાવ્યું હતું કે, ભારત અને 27 દેશોના સમૂહ એવા યુરોપિયન યુનિયન (EU) વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) હવે અંતિમ તબક્કામાં છે. તેમણે આ સમજૂતીને ’મધર ઓફ ઓલ ડીલ્સ’ ગણાવતા કહ્યું હતું કે, આ ડીલ ભારત અને EU બંને માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે. ગોયલે સંકેત આપ્યો હતો કે, સમજૂતી અંગેની વાટાઘાટો લગભગ પૂર્ણ થઈ ચૂકી છે અને તેની ઔપચારિક જાહેરાત 27 જાન્યુઆરીના રોજ થાય તેવી પ્રબળ શક્યતા છે.

નોંધનીય છે કે, યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ એટોનિયો લુઈસ સેન્ટોસ ડા કોસ્ટા અને યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેન 25 થી 27



જાન્યુઆરી દરમિયાન ભારતની મુલાકાતે છે. તેઓ ભારતના 77 મા ગણતંત્ર દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે, જે ભારત અને EU વચ્ચેના ગાઢ સંબંધોનો પુરાવો છે.

પીયૂષ ગોયલે જણાવ્યું કે, આ સમજૂતી ભારતીય નિકાસકારો માટે ગેમ-ચેન્જર સાબિત થશે. ભારત અને EU એકબીજાના પ્રતિસ્પર્ધી નહીં પણ પૂરક છે. બંને વચ્ચે વસ્તુઓ તથા સેવાઓનો વ્યાપાર ખૂબ જ સંતુલિત છે, જે આ સમજૂતીને વધુ મજબૂત બનાવે છે.

વર્ષ 2014 પછી એનડીએ સરકાર ઓસ્ટ્રેલિયા, યુએઈ અને બ્રિટન સહિત કુલ 7 દેશો કે જૂથો સાથે વ્યાપાર સમજૂતી કરી ચૂકી છે. જોકે, EU સાથેની આ ડીલ સૌથી મોટી ગણાઈ રહી છે કારણ કે તેમાં ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને સ્પેન જેવા 27 વિકસિત દેશોનો સમાવેશ થાય છે. આ સમજૂતીથી ભારતીય નિકાસકારોને અમેરિકાના ઉંચા ટેરિફ સામે રક્ષણ મળશે અને નવા બજારો પ્રાપ્ત થશે, જેનાથી ચીન પરની નિર્ભરતા પણ ઘટશે.

સાધુઓનો સંઘ કેરોલિનાના શાર્લોટમાં પહોંચ્યો

### ટેક્સાસથી વોશિંગ્ટન વચ્ચે આવતા જુદા જુદા રાજ્યોમાં ફરીને શાંતિનો સંદેશો આપતા બૌદ્ધ સાધુઓને હુંફાળો આવકાર

## અમેરિકામાં બૌદ્ધ સાધુઓની 50 હજાર કિ.મી. લાંબી પગપાળા શાંતિયાત્રા



વૉશિંગ્ટન : અમેરિકાના ટેક્સાસ રાજ્યથી પગપાળા નીકળેલો બૌદ્ધ સાધુઓનો સંઘ વૉશિંગ્ટન પહોંચશે તે પહેલાં કેટલાય રાજ્યોના લોકોને શાંતિનો સંદેશો આપશે. કેટલાય શહેરોમાં આ સાધુઓને આવકાર મળી રહ્યો છે. ઘણાં લોકો થોડા કિલોમીટર સુધી સાથે ચાલી રહ્યા છે. જે તે રાજ્યોના અન્ય બૌદ્ધ સાધુઓ પણ એમાં જોડાઈ રહ્યા છે. ૧૨૦ દિવસની શાંતિયાત્રા કરીને ૨૪ સાધુઓનો આ સંઘ પાટનગર વૉશિંગ્ટનમાં યાત્રા પૂરી કરશે.

ભિખ્ખુ પન્નાકરાના નેતૃત્વમાં ૨૪ સાધુઓના સંઘે ટેક્સાસમાંથી પગપાળા શાંતિયાત્રા આરંભી હતી. નોર્થ કેરોલિયાના શાર્લોટ શહેરમાં પહોંચી ગયો છે. ટેક્સાસથી શાર્લોટ સુધીની યાત્રા ૮૨ દિવસમાં પૂરી થઈ છે. ઓક્ટોબર-૨૦૨૫માં તેમની યાત્રાનો પ્રારંભ થયો હતો. આ મહિનાના અંતે વૉશિંગ્ટનમાં તેમની યાત્રા પૂરી થશે. ૫૦ હજાર કિલોમીટરની આ પગપાળા યાત્રાના ભાગરૂપે શાંતિ, પ્રેમ અને કરુણાનો સંદેશો આપતા આ સાધુઓને જોવા માટે શહેરોમાં ભીડ ઉમટી રહી છે. લોકો કહી રહ્યા છે કે આવી શાંતિયાત્રા જીવનમાં કદાચ ક્યારેક જ જોવા મળે છે. લોકો આ સાધુઓને આવકારી રહ્યા છે અને તેમની સાથે ચાલી પણ રહ્યા છે.

બૌદ્ધ સાધુઓના સંઘનું નેતૃત્વ કરી રહેલા ભિખ્ખુ પન્નાકરાએ કહ્યું હતું કે અમારો મેસેજ ખૂબ સરળ છે. એ સંદેશો ધર્મને લગતો નથી. એ સંદેશો છે માનવતાને લગતો. આપણું જીવન વધારે સભાન બને તે માટે અમે મેસેજ આપી રહ્યા છીએ. અમે દેશવાસીઓને પ્રેમ, શાંતિ અને દયા દાખવવાની અપીલ કરી રહ્યા છીએ. તેમની આ યાત્રા ફેબુરઆરીમાં પૂરી થાય તેવી શક્યતા છે. આ શાંતિયાત્રા ૧૨૦ દિવસના આયોજન સાથે શરૂ થઈ હતી. દરરોજ આ બૌદ્ધ સાધુઓ ૪૦થી ૫૦ કિલોમીટરની પગપાળા યાત્રા કરી રહ્યા છે.

**ભેદ યથાવત** — અમેરિકાની હોમલેન્ડ સિક્યુરિટીએ બાઈડન શાસન વખતે ખરીદેલી ટચૂકડી ડિવાઈસ અને હવાના સિન્ડ્રોમનો ભેદ હજુ યથાવત

# અમેરિકાએ ખરીદેલી મોંઘી ડિવાઈસથી અનેક અન્ડર કવર એજન્ટ બીમાર

## રશિયન પાર્ટ્સવાળું ભેદી મશીન અનેક દેશો પાસે હોવાની સંભાવના

વોશિંગ્ટન : બાઈડનના શાસનકાળ દરમ્યાન હોમલેન્ડ સિક્યુરિટી દ્વારા આઠ આંકડાની રકમ ચૂકવી મેળવવામાં આવેલાં હવાના સિન્ડ્રોમ માટે જવાબદાર ભેદી મશીનના ભેદભરમ ખોલવામાં અમેરિકન અધિકારીઓને એક વર્ષ પછી પણ સફળતા મળી નથી. એક અંડરકવર ઓપરેશનમાં મેળવવામાં આવેલું આ ઉપકરણ હોમલેન્ડ સિક્યુરિટીના વિભાગ હોમલેન્ડ ઈન્વેસ્ટિગેશન-એચએસઆઈ- દ્વારા લાખો ડોલર્સ ચૂકવીને મેળવવામાં આવ્યું હતું. સીએનએનના અહેવાલ અનુસાર અમેરિકન અધિકારીઓની ચિંતા એ છે કે જો આ ટેકનોલોજી સફળ પુરવાર થઈ હશે તો તેના વપરાશકારો એક કરતાં વધારે દેશો હશે. અમેરિકન રાજદ્વારીઓ, જાસૂસી અધિકારી અને મિલિટરી અધિકારીને લાગુ પડતી અજાણી બિમારીને હવાના સિન્ડ્રોમ તરીકે ઓળખવામાં આવે છે.

સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર એચએસઆઈ દ્વારા હસ્તગત કરવામાં આવેલું ઉપકરણ પલ્સડ રેડિયો વેવ્ઝ પેદાં કરવાની ક્ષમતા ધરાવે છે. વર્ષોથી એવી અટકળો થઈ રહી છે કે હવાના સિન્ડ્રોમ માટે પલ્સડ ઈલેક્ટ્રોમેગ્નેટિક અથવા રેડિયો ફ્રિકવન્સી એનર્જી જવાબદાર હોઈ શકે છે. અમેરિકન જાસૂસી તંત્ર દ્વારા મેળવવામાં આવેલું ઉપકરણ સમગ્રપણે રશિયન બનાવટનું નથી પણ તેમાં રશિયના પાર્ટ્સ વાપરવામાં આવેલાં હોવાનું જણાયું છે. અમેરિકન અધિકારીઓ એ સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે કે વિવિધ પ્રકારની ભેદી ઈજાઓ કરવા માટે સક્ષમ આ ઉપકરણનું કદ આટલું નાનું કેવી રીતે હોઈ શકે. પોર્ટેબલ એટલે કે એક નાનકડી બેકપેક બેગમાં સમાઈ શકે તેવું આ ઉપકરણ રહસ્યમય બની રહ્યું છે. જ્યારે પણ વિદેશમાં કોઈ મહત્વની ટેકનોલોજી કે રહસ્યમય પાર્ટ્સ મળી આવે ત્યારે અમેરિકન મિલિટરી સાથે મળી કામ કરતી એચએસઆઈને આ ટેકનોલોજી સાથે સંકળાયેલાં ગુનાની તપાસ કરવાની સત્તા મળેલી છે. આ નિયંત્રિત ટેકનોલોજી વિદેશમાં કેવી રીતે પ્રસરી તેની પણ તેઓ તપાસ કરે છે. સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર આ તપાસના તારણો એટલા મહત્વના છે કે તેના વિશે હાઉસ અને સેનેટ ઈન્ટેલિજન્સ કમિટીઓને પણ આ ઉપકરણ તથા તેના પરીક્ષણની વિગતોની જાણ કરાઈ હતી. ૨૦૧૬ના અંતમાં ક્યુબાના હવાના શહેરમાં કામ કરતાં અમેરિકન રાજદ્વારીઓને અતિશય માથાનો દુઃખાવો થવો, ચક્કર આવવા અને વોમિટ થવી જેવી સમસ્યાઓ થવા માંડી હતી. બાદમાં અનેક દેશોમાં આ પ્રકારની બિમારીના વધારે કેસો બન્યા હતા. આ બિમારી સૌ પ્રથમ હવાનામાં થઈ હોવાથી તેને હવાના સિન્ડ્રોમ તરીકે ઓળખવામાં આવે છે. આ બિમારીનું રહસ્ય પામવા માટે જાસૂસી અને મેડિકલ સમુદાયમાં હોડ ચાલી છે પણ તેનું રહસ્ય વણઉકલ્યુ રહ્યું છે. ૨૦૨૨માં યુએસ ઈન્ટેલિજન્સ પેનલ દ્વારા તારણ કાઢવામાં આવ્યું હતું કે બાહ્ય સ્ત્રોત દ્વારા પલ્સડ ઈલેક્ટ્રોનિક મેગ્નેટિક એનર્જી પેદાં કરી તેના દ્વારા બિમારી ફેલાવવામાં આવી હોઈ શકે છે.

## ઈરાનની સ્થિતિ પર અમારી ચાંપતી નજર : ભારત

નવી દિલ્હી : ઈરાનમાં વિરોધ પ્રદર્શન અને હિંસા વચ્ચે ભારત સરકારના વિદેશ મંત્રાલયે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસવાલે જણાવ્યું હતું કે, ’ભારત સરકાર ઈરાનની વર્તમાન સ્થિતિ પર ખૂબ જ નજીકથી નજર રાખી રહી છે. અંદાજિત ૯ હજાર ભારતીય નાગરિકો ઈરાનમાં છે. જેમાં સૌથી વધુ સંખ્યા વિદ્યાર્થીઓની છે. ઈરાનની સ્થિતિને ધ્યાને રાખતા પોતાના નાગરિકો માટે ત્રણ એડવાઈઝરી જાહેર કરાઈ છે. ત્યાં ફસાયેલા ભારતીયો માટે જે કરવું પડે તે કરીશું.’ રણધીર જયસવાલે જણાવ્યું કે, ’અમે પોતાના દેશના નાગરિકોને મહત્ત્વની સલાહ આપી છે. અમે તેમને જણાવ્યું છે કે, હાલના સમયમાં ઈરાનની મુસાફરી ટાળો.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

## ન્યૂઝ ઇન ફોકસ

### દેવગઢ બારીયાના દેવી રામપુરા ગામે ટ્રેક્ટર પલટતાં યુવાનનું સ્થળ પર મોત

**દેવગઢ બારીયા :** ચાલકની ગફલત અને ટ્રેક્ટરની ક્ષમતા કરતા વધુ પડતી ઝડપને કારણે પુરપાટ દોડી આવતું ટ્રોલી સાથે નું ટ્રેક્ટર દેવગઢબારિયા તાલુકાના સાગટાળા પોલીસ મથકની હદમાં આવેલ દેવી રામપુરા ગામે રોડની બાજુમાં પલટી ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટ્રેક્ટર પર બેઠેલ વચલી ભીત ગામના ૨૩ વર્ષીય યુવાનને ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજ્યું હોવાનું તેમજ રોડની બાજુમાં બાંધેલ બળદ ટ્રેક્ટરની નીચે આવી જતા બળદને પણ ગંભીર ઈજાઓ થયાનું સત્તાવાર જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર છોટાઉદેપુર જિલ્લાના અનિલભાઈ હર્ષદભાઈ રાઠવા ઉતરાયણના દિવસે રાત્રિના સાતેક વાગ્યાના સુમારે પોતાનું જીજે ૩૪બી-૬૬૩૩ નંબરનું ટ્રોલી સાથેનું લાલ કલરનું મહિન્દ્રા કંપનીનું ટ્રેક્ટર પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવતા ટ્રેક્ટરની વધુ પડતી ઝડપ અને ચાલક અનિલભાઈ રાઠવાની ગફલતને કારણે અનિલભાઈ રાઠવાએ ટ્રેક્ટરના સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રેક્ટર દેવગઢબારિયા તાલુકાના દેવી રામપુરા ગામે રોડની બાજુમાં પલ્ટી ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ટ્રેક્ટરમાં બેઠેલ છોટા ઉદેપુર જિલ્લાના વચલીભીત ગામના ગુદિયા મહુડા ફળિયામાં રહેતા ૬૫ વર્ષીય રામસિંગભાઈ સકુડાભાઈ રાઠવાના પૌત્ર ૨૩ વર્ષીય વિષ્ણુભાઈ દિલીપભાઈ રાઠવાને શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી મોત નીપજ્યું હતું જ્યારે રોડની સાઈડમાં બાંધેલ બળદ ટ્રેક્ટરની નીચે આવી જતા બળદને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે ટ્રેક્ટરનો ચાલક અનિલભાઈ રાઠવા સમય સૂચકતા વાપરી ચાલુ ટ્રેક્ટરે ટ્રેક્ટરમાંથી કૂદી જઈ નાસી છૂટ્યો હતો.આ સંબંધે મરણ જનાર વિષ્ણુભાઈ દિલીપભાઈ રાઠવાના દાદા રામસિંગભાઈ સકુડાભાઈ રાઠવાએ સાગટાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સાગટાળા પોલીસે આ સંદર્ભે ટ્રેક્ટર ચાલક છોટાઉદેપુર જિલ્લાના વચલી ભીત ગામના અનિલભાઈ હર્ષદભાઈ રાઠવા વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

### ઝાલોદ તાલુકાના પ્રા. આ. કેન્દ્ર મહુડી ખાતે ટીબી નિર્મૂલન ઝુંબેશ



ઝાલોદ : ઝાલોદ તાલુકાના પ્રા. આ.કેન્દ્ર મહુડી ના આયુષ્માન આરોગ્ય મંદિર ખરસાના 1 ખાતે આજ રોજ 'રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ' અંતર્ગત '100 દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ' દરમિયાન પોર્ટેબલ X-Ray દ્વારા 137 X-Ray પાડવામાં આવ્યા.*મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ ઉદય ટીલાવત અને જિલ્લા ક્ષય અધિકારી ડો.આર. ડી.પહાડીયા ,તેમજ તાલુકા આરોગ્ય અધિકારી ડો. તુષાર ભાભોરના માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ' અંતર્ગત '100 દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ' અભિયાન દરમિયાન પોર્ટલ X-Ray દ્વારા જુદી-જુદી કેટેગરીના કુલ- 137 લાભાર્થીના X-Ray પાડવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન HEIGHT, WEIGHT, HIV, RBS Screening etc...... કરવામાં આવ્યું આ કાર્યક્રમને પ્રા.આ.કેન્દ્ર ના મેડિકલ ઓફિસર ડૉ વિશ્વનાથ મુનીયા, ડૉ પિયુષ લબાના, ડૉ મમતા ડામોર , તાલુકા ટીબી સુપરવાઈઝર સતીષભાઈ ગરાસીયા અને phc ઈનચાર્જ મેલ સુપરવાઈઝર જેસિંગભાઈ ચારેલ,CHO નોડલ સુનિલભાઈ પડવાલ, FHS/MPHWશ્રી,/fhwશ્રી આશાબેનો દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો. તેમજ લાભાર્થીને ટીબીના રોગના લક્ષણો તેમાં રાખવાની થતી કાળજી અને સમયસર નિદાન કરાવવા માટે સમજાવવામાં આવ્યું હતું.

### નડિયાદ એક્સપ્રેસ-વે પર અકસ્માતમાં વડોદરાની મહિલાનું કરુણ મોત

**નડિયાદ :** અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર નડિયાદ નજીક ગઈકાલે બપોરે અકસ્માતમાં વડોદરાની ૩૪ વર્ષીય મહિલાનું મોત નિપજ્યું છે. અમદાવાદથી બિઝનેસ મીટિંગ પતાવી પરત ફરી રહેલી કાર સર્વિસ રોડ પર ઉભેલા બસના ચેસીસ પાછળ ધડાકાભેર અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી.પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાના નિકીતાબેન ખોપડે તેમના બિઝનેસ પાર્ટનર કેતુલ રણછોડલાલ પરમાર સાથે કારમાં અમદાવાદ ખાતે વ્યવસાયિક કામ અર્થે ગયા હતા. બપોરે આશરે ૨:૩૦ કલાકે વડોદરા પરત ફરતી વખતે નડિયાદ ટોલનાકા બ્રિજ પાસે સર્વિસ રોડ પર પાર્ક કરેલા બોડી વગરના એક બસના ચેસીસ સાથે તેમની કાર પાછળથી ધડાકાભેર અથડાઈ હતી.અકસ્માત એટલો પ્રચંડ હતો કે કારના આગળના ભાગના કુચ્ચેકુચ્ચા ઉડી ગયા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, કાર ચાલક કેતુલ પરમાર પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી રહ્યો હતો, જેના કારણે તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ અકસ્માત બાદ પાછળ આવી રહેલી એક ક્રેટા કાર પણ આ વાહનો સાથે અથડાઈ હતી, જેમાં બંને વાહનોને ભારે નુકસાન થયું છે. ગંભીર રીતે ઘવાયેલા નિકીતાબેનને તાત્કાલિક સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો.આ મામલે મૃતકના ભાઈ નિખીલભાઈ હરેશરાવ ખોપડેએ નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં કાર ચાલક કેતુલ પરમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

• પોતાના સમાજના કાર્યક્રમમાં વક્તા તરીકે નામ ન લખી

# કદ પ્રમાણે વેતરી નંખાતા પૂર્વ મંત્રી બચુ ખાબડ ધુઆપુઆ

## ભાજપના ધારાસભ્ય બચ્ચું ખાબડના વર્તન સામે વિરોધઃ પોલીસને દરમિયાનગીરી કરવી પડી

• દેવગઢ બારીયા


દેવગઢ બારીયા નગરમાં ભગવાન શ્રી માધાતાજીના પ્રાગટ્ય ઉત્સવની ઉજવણી દરમિયાન આયોજિત કોળી સમાજના કાર્યક્રમમાં ભારે વિવાદ સર્જાયો હતો. મંચ પર કોઈ પણ રાજકીય વ્યક્તિને પ્રવેશ ન આપવાની સમાજની સ્પષ્ટ સૂચના હોવા છતાં ભાજપના ધારાસભ્ય તથા પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડ અચાનક મંચ પર પહોંચી જતા સમગ્ર કાર્યક્રમમાં તણાવ ફેલાઈ ગયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કોળી સમાજના ઈષ્ટદેવ ભગવાન શ્રી માધાતાની ભવ્ય શોભા યાત્રા તથા મૂર્તિ સ્થાપન વિધિ યોજાઈ હતી. આ સાથે સમાજની એક બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન બચુભાઈ ખાબડને ભાષણ કરવાની પરવાનગી ન મળતા તેઓ ગુસ્સે થયા હોવાનું સામે આવ્યું છે. આ દરમિયાન તેઓ દ્વારા ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરવામાં આવ્યું હોવાનો સમાજના આગેવાનો દ્વારા આરોપ મૂકવામાં આવ્યો છે. મંચ પર જ વાતાવરણ ગરમાઈ જતા ક્ષણભર માટે કાર્યક્રમમાં અવ્યવસ્થા સર્જાઈ હતી. સ્તુતિ બગડતી જોઈ પોલીસે સ્થળ પર પહોંચી પરિસ્થિતિને સંભાળી લીધી હતી. સમગ્ર ઘટના લાઈવ પ્રસારણ અને કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેનો વિડીયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં દાહોદ જિલ્લા સહિત સમગ્ર વિસ્તારમાં રાજકીય તથા સામાજિક ચર્ચાનો વંટોળ ઊભો થયો છે. આ મામલે દેવગઢ બારીયા ના અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ નિર્મળસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, 'સમાજના સંમેલનમાં કોઈ પણ રાજકીય પક્ષ સમાજનો દુરુપયોગ ન કરે તે હેતુસર અમે કોઈપણ રાજકીય આગેવાનોને આમંત્રણ આપ્યું ન હતું. તેમ છતાં સ્થાનિક ધારાસભ્ય બચુભાઈ ખાબડ દ્વારા તેમના માણસો મારફતે પીસ માટે દબાણ કરવામાં આવ્યું હતું. જેને અમે સ્વીકાર્યું ન હતું. ત્યારબાદ તેઓ મોટી સંખ્યામાં લોકો સાથે કાર્યક્રમમાં આવી તેજ પર ચડી ગયા હતા, અને માઈક ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ મારી સાથે તકરાર પણ કરી હતી.' સમાજના આગેવાનો દ્વારા આ સમગ્ર ઘટનાને અપમાનજનક અને અસ્વીકાર્ય ગણાવી કડક શબ્દોમાં વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ઘટનાને પગલે હાલ રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે અને સામાન્ય જનતા તેમજ સમાજના લોકોમાં પણ ભારે નારાજગી જોવા મળી રહી છે. હવે આ મુદ્દે ભાજપ પક્ષ અને સંબંધિત તંત્ર દ્વારા શું પગલાં લેવામાં આવે છે તે તરફ સૌની નજર છે.



• લાઈટો બંધ રહેવી તે કોઈ મોટી દુર્ઘટનાને નિમંત્રણ આપી શકે છે

## ડાકોર ઓવરબ્રિજ પર રાત્રે અંધારપટ અને દિવસે લાઈટો ચાલુ રહેતા તંત્રની ઘોર બેદરકારી

**ડાકોર :** સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે સરકાર દ્વારા કરોડોના ખર્ચે બનાવવામાં આવેલો રૂ. 68 કરોડના ખર્ચે બનેલો આ બ્રિજ લોકાર્પણ બાદ સતત કોઈને કોઈ કારણસર વિવાદોમાં ઘેરાયેલો રહે છે. તાજેતરમાં મકરસંક્રાંતિ અને વાસી ઉતરાયણના પર્વ પર તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે,જેમાં રાત્રિના સમયે લાઈટો બંધ અને દિવસે ચાલુ જોવા મળી હતી.પ્રાપ્ત વિગતો અનુસાર, ઉતરાયણની રાત્રિ દરમિયાન જ્યારે બ્રિજ પરથી હજારો વાહનો પસાર થઈ રહ્યા હતા, ત્યારે બ્રિજ પરની સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં હતી. અંધારાને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને અકસ્માતનો ભય સતાવતો હતો. નવાઈની વાત તો એ છે કે, વાસી ઉતરાયણના દિવસે જ્યારે સૂર્યપ્રકાશ પૂરેપૂરો હતો, ત્યારે ધોળા દિવસે બ્રિજની લાઈટો ચાલુ રાખી વીજળીનો સરેઆમ વેડફાટ કરવામાં આવ્યો હતો.ડાકોર ચોકડી પર બનેલો આ ઓવરબ્રિજ અગાઉ પણ અનેકવાર ચર્ચામાં રહ્યો છે. બ્રિજ બન્યાના ટૂંકા ગાળામાં જ તેમાંથી સિમેન્ટના પોપડા પડવાની ઘટના બની હતી. બ્રિજના જોઈન્ટના બોલ્ટ ઉખડી જવાની ઘટનાથી બાંધકામની ગુણવત્તા સામે પ્રશ્નો ઉઠ્યા હતા. હવે



લાઈટોનો પ્રશ્નઃ તહેવારના સમયે જ મેન્ટેનન્સના અભાવે વાહનચાલકોએ પરેશાની ભોગવવી પડી છે. ડાકોર એ મોટું યાત્રાધામ હોવાથી અને આ મુખ્ય માર્ગ હોવાથી દિવસ દરમિયાન અહીંથી ૫ હજાર થી વધુ નાના-મોટા વાહનો પસાર થાય છે. રાત્રિના સમયે ભારે વાહનોની અવર-જવર પણ વધુ હોય છે. આવી સ્થિતિમાં લાઈટો બંધ રહેવી તે કોઈ મોટી દુર્ઘટનાને નિમંત્રણ આપી શકે છે. સ્થાનિકો અને યાત્રાળુઓમાં તંત્રની આ કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

લલચાવી લગ્નના ઇરાદે લઈ જવાનો આક્ષેપ : ઘરેથી અચાનક ગાયબ થતાં પરિવાર ચિંતિત

## ઝાલોદ તાલુકાની સગીર યુવતીનું અપહરણ : રાજસ્થાનના યુવક સામે ગંભીર આરોપ

• ઝાલોદ

ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામમાંથી એક સગીર વયની યુવતીના અપહરણનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ મામલે પીડિત યુવતીના પિતાએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.ફરીયાદ મુજબ, પીડિત પરિવાર ખેતી અને મજૂરી કાર્ય કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. પરિવારના મોટાભાગના સભ્યો રોજગાર અર્થે સુરત ખાતે ગયા હતા, જ્યારે પીડિત સગીર યુવતી (નામ બદલીને : ચાર્મીબેન) તેની માતા સાથે ચાકલીયા ગામ સ્થિત પોતાના ઘરે હાજર હતી ગત તારીખ 17/12/2025ના રોજ સવારના સમયે સગીર યુવતી ઘરે હાજર ન હોવાનું પરિવારને જાણવા મળ્યું હતું. આજુબાજુ તેમજ સગા-સંબંધીઓમાં તપાસ છતાં યુવતીનો કોઈ પત્તો લાગ્યો ન હતો. બાદમાં પરિવારજનોએ સુરતથી વતન પરત આવી ફરી શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પરિવારને માહિતી મળી કે હીતેશભાઈ દીતીયાભાઈ દામા, રહેવાસી ગામ ચોરા, આબલીઝરણ ફળીયું, તાલુકો કુશલગઢ, જિલ્લો બાંસવાડા (રાજસ્થાન), યુવતીને સાંજના સમયે તેના ઘરેથી લઈને ગયો હતો. આરોપીના પરિવારજનોએ પણ યુવતી તેમના પુત્ર સાથે ગયાની વાત સ્વીકારી હોવાનું ફરીયાદમાં જણાવાયું છે. પરિવારજનોએ અનેક વખત વિનંતી અને સમજાવટ છતાં આજદિન સુધી સગીર યુવતી પરત સોંપવામાં આવી નથી. ફરીયાદ મુજબ, આરોપી યુવકે સગીર વયની યુવતીને લલચાવી અને ફોસલાવી તેના કાયદેસર વાલીપણા હકમાંથી અપહરણ કરી, પત્ની તરીકે રાખવાના ઈરાદે લઈ ગયો હોવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે.આ મામલે પીડિત પિતાએ પોતાની પત્ની સાથે પોલીસ મથકે હાજર રહી કાયદેસર તપાસ અને કાર્યવાહી માટે ફરીયાદ નોંધાવી છે. યુવતીના જન્મનો અધિકૃત દાખલો પુરાવા રૂપે રજૂ કરવામાં આવ્યો છે. પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાંત અધિકારી અરવિંદ ભાટિયાએ સંકલન બેઠક યોજી, આયોજનની રૂપરેખા તૈયાર

## ઝાલોદ અને ગુરુ ગોવિંદ લીમડીમાં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી માટે તંત્ર સજ્જ બન્યું

• ઝાલોદ

ઝાલોદ 130 વિધાનસભા વિસ્તારમાં આવતાં ઝાલોદ તથા નવરચિત ગુરુ ગોવિંદ લીમડી તાલુકામાં આવનારા પ્રજાસત્તાક પર્વની ઉજવણી સુચારુ, શાંતિપૂર્ણ અને ગૌરવભર્યા માહોલમાં યોજાય તે માટે પ્રાંત અધિકારી શ્રી અરવિંદ ભાટિયા દ્વારા સંકલન બેઠક યોજવામાં આવી હતી.આ બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ, તાલુકા કક્ષાના પદાધિકારીઓ તથા પ્રજાસત્તાક પર્વના આયોજન સાથે સંકળાયેલા જવાબદાર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન પ્રજાસત્તાક પર્વની ઉજવણીને લઈ દરેક વિભાગની કામગીરી, જવાબદારીઓ અને સંકલન બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં નક્કી કરવામાં આવ્યું મુજબ ઝાલોદ તાલુકાના મહુડી મુકામે તાલુકા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ યોજાશે, જ્યારે નવરચિત ગુરુ ગોવિંદ લીમડી તાલુકામાં જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ કારઠ મુકામે આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સવારના ૯ વાગે યોજાશે. પ્રજાસત્તાક પર્વના આયોજનમાં ધ્વજવંદન, પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો, શાળા-મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓની ભાગીદારી, મહેમાનોની આવકાર-વ્યવસ્થા, મંચ અને સાઉન્ડ સિસ્ટમ, બેઠક વ્યવસ્થા, સુરક્ષા, ટ્રાફિક નિયંત્રણ તથા સ્વચ્છતા સહિતની તમામ બાબતો અંગે વિગતવાર આયોજનની રૂપરેખા તૈયાર



કરવામાં આવી હતી.પ્રાંત અધિકારી શ્રી અરવિંદ ભાટિયાએ દરેક વિભાગને સમયસર તૈયારી પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી તથા કોઈપણ પ્રકારની ખામી ન રહે તે માટે તમામ વિભાગો વચ્ચે મજબૂત સંકલન રાખવા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે પ્રજાસત્તાક પર્વ રાષ્ટ્રીય ગૌરવનો પર્વ છે, જેમાં જનભાગીદારી સાથે ભવ્ય ઉજવણી થાય તે માટે તંત્ર સજ્જ રહેવું જરૂરી છે.

ખેડા જિલ્લામાં 'સહકારયાત્રા'નો સેવાયજ્ઞ

## ૨૧ હજાર લિટર દૂધના દાનથી ૭૪૦૦ બાળકોના સ્વાસ્થ્યમાં સુધારો

• નડિયાદ

ખેડા જિલ્લાને કુપોષણમુક્ત બનાવવાના મક્કમ નિર્ધાર સાથે જિલ્લા વહીવટી તંત્ર અને અમૂલ ડેરીના સંયુક્ત ઉપક્રમે શરૂ થયેલું ગામનો નિર્ધાર, સહકારથી સાકાર" અભિયાન લોકભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. માત્ર બે મહિનાના ટૂંકા ગાળામાં આ અભિયાન દ્વારા જિલ્લાના હજારો બાળકો સુધી પોષણની ગંગા પહોંચાડવામાં સફળતા મળી છે. જિલ્લાની વિવિધ દૂધ મંડળીઓ દ્વારા દરરોજ સરેરાશ ૭૫૦ લિટર દૂધનું દાન. અત્યાર સુધીમાં કુલ ૨૧,૭૮૫ લિટર દૂધ એકત્રિત કરી બાળકોને પહોંચાડાયું. જિલ્લાના ૭,૪૦૦થી વધુ બાળકોને આ પોષણક્ષમ આહારનો સીધો લાભ મળી રહ્યો છે. ઉતરાયણથી ૨૬ જાન્યુઆરી સુધી 'પોષણ પર્વ'ની ઉજવણી અભિયાનને વધુ વેગ આપવા માટે આગામી ૧૪ જાન્યુઆરી ઉતરાયણ થી ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વ સુધી વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. આ અંતર્ગત જિલ્લાના તમામ 'પોષણ મિત્રો' અધિકારીઓ અને કર્મચારીઓ ને પોતપોતાના ફાળવેલ આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લેવા સૂચના અપાઈ છે. સમાજનો દરેક વર્ગ જ્યારે સહકાર આપે છે, ત્યારે કુપોષણ જેવી સમસ્યા સામેની લડત જીતી શકાય છે. તમામ પોષણ મિત્રો આંગણવાડીની મુલાકાત લઈ બાળકોને પૌષ્ટિક આહાર દાન કરે તેવી મારી અપીલ છે. અમિત પ્રકાશ યાદવ, જિલ્લા કલેક્ટર, આ અભિયાન માત્ર સરકારી યોજના બનીને નથી રહ્યું, પરંતુ એક જન-આંદોલન બની ગયું છે. આંગણવાડી કાર્યકરો અને દૂધ મંડળીઓના સંકલનથી છેવાડાના કુપોષિત બાળક સુધી તાજું અને પૌષ્ટિક દૂધ પહોંચાડવામાં આવે છે. વહીવટી તંત્રના આ પ્રયાસોથી ખેડા જિલ્લો આગામી સમયમાં કુપોષણમુક્ત બનવા તરફ મક્કમ ડગલાં માંડી રહ્યો છે.



## ધાનપુર તાલુકાના ટોકરવા ખાતે યોજાયો આરોગ્ય કેમ્પ



દાહોદઃ ધાનપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટોકરવા ખાતે તમારા ગામમાં તમારા દ્વાર સુધી ૧૦૦ દિવસીય સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પ દરમિયાન પોર્ટેબલ એક્સ-રે મશીન દ્વારા ૧૦૨ વનરેબલ (જોખમી) લાભાર્થીઓનું ટીબી સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. સાથે સાથે દર્દીઓનું વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર તથા ડાયાબિટીસ જેવી અન્ય આરોગ્ય ચકાસણીઓ પણ કરવામાં આવી હતી.આ પ્રકારના આયોજનથી ગ્રામ્ય વિસ્તારોમાં ટીબી જેવી ગંભીર બીમારીની સમયસર ઓળખ અને નાબૂદી માટે સકારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે. આરોગ્ય વિભાગ દ્વારા ભવિષ્યમાં પણ આવા આરોગ્ય કેમ્પો વધુ વ્યાપક સ્તરે આયોજિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.આ કાર્યક્રમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત, જિલ્લા ક્ષય અધિકારી ડૉ. આર.ડી. પહાડીયા તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. બી.પી. રમનના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. સમગ્ર કાર્યક્રમમાં આરોગ્ય વિભાગની વિવિધ ટીમો જેમ કે મેડિકલ ઓફિસર, પીએચસી સુપરવાઈઝર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરો, ફીમેલ હેલ્થ વર્કરો, આશા ફેસિલિટેટરો તથા આશા બહેનોનો સરાહનીય સહયોગ પ્રાપ્ત થયો હતો.

# રાજ્યકક્ષા ખેલ મહાકુંભ ૨૦૨૫: આર્ચરીમાં મહીસાગરના રમતવીરોનો દબદબો

### ૩ ગોલ્ડ સહિત કુલ ૧૩ મેડલ જીત્યા : મહીસાગર જિલ્લા કલેક્ટર અર્પિત સાગર દ્વારા વિજેતા ખેલાડીઓનું સન્માન કરાયું



• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત 'ખેલ મહાકુંભ ૨૦૨૫' અંતર્ગત ગોધરા(પંચમહાલ) ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની અંડર-૧૪ આર્ચરી (તિરંદાજી) સ્પર્ધામાં મહીસાગર જિલ્લાના ખેલાડીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. ગોધરાના કનેલાવ તળાવ ખાતે ૦૬ થી ૦૯ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલી આ સ્પર્ધામાં જિલ્લાના રમતવીરોએ પોતાની અદભૂત કુશળતાનું પ્રદર્શન કરી ૩ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મળી કુલ ૧૩ મેડલ જીતી મહીસાગર જિલ્લાનું નામ રાજ્યસ્તરે રોશન કર્યું છે. આ ભવ્ય સિદ્ધિ મેળવનાર રમતવીરો માટે જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે એક વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં જિલ્લા કલેક્ટર શ્રી અર્પિત સાગર દ્વારા તમામ વિજેતા ખેલાડીઓને પુષ્પગુચ્છ અને પ્રોત્સાહન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર શ્રી સી.વી. લટા, જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી દક્ષેશ કહાર સહિત વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ અને ટ્રેનર્સ ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરશ્રીએ ખેલાડીઓની આકરી મહેનત અને ટ્રેનર્સના યોગ્ય માર્ગદર્શનને બિરદાવતા ભવિષ્યમાં તેઓ રાષ્ટ્રીય સ્તરે પણ જિલ્લાનું નામ ચમકાવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. મેડલ વિજેતાઓની વિગતવાર સિદ્ધિ જોઈએ તો, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની 'ઈન સ્કૂલ' યોજના હેઠળ તાલીમ મેળવતા મુરલીધર હાઈસ્કુલ (સંતરામપુર)ના ડામોર વિરેનભાઈએ ૨ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ મેળવી સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો છે. તેવી જ રીતે પરમાર વૈભવીબેને ૧ ગોલ્ડ, ૧ સિલ્વર અને ૧ બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ ઉપરાંત મકવાણા ધ્રુમિલ અને સોની કુણાલ (મુરલીધર હાઈસ્કુલ) તથા નીલકંઠ વિદ્યા મંદિર (ગાંગટા) ના સલાટ વિશાલે પણ સિલ્વર મેડલ જીતીને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. મહીસાગર જિલ્લાના અંતરિયાળ વિસ્તારના આ પ્રતિભાશાળી ખેલાડીઓએ મર્યાદિત સાધનો અને આધુનિક તાલીમના સમન્વયથી રાજ્ય કક્ષાએ જે પદાર્પણ કર્યું છે, તે અન્ય યુવા રમતવીરો માટે પ્રેરણારૂપ બનશે. ટ્રેનર કમલેશ વસાવા અને બાબુભાઈ રાવતના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલા આ ખેલાડીઓએ સાબિત કરી દીધું છે કે જો યોગ્ય તક અને પ્રોત્સાહન મળે તો ગ્રામીણ રમત પ્રતિભાઓ પણ સફળતાના શિખરો સર કરી શકે છે.

**કરુણાંતિકા** ગાંધીનગર : ઝુંડાલ હાઇવે પરની ઘટના

# લાલ મર્સિડીઝચાલકે મોપેડ પર જતા વૃદ્ધને હવામાં ફંગોળ્યા, મહિલા સાથે ચાલક નાસી છૂટ્યો

### આરટીઓમાંથી ગાડીની વિગતો મંગાવવામાં આવી છે. એ પછી મર્સિડીઝમાલિક સહિતની વિગતો સામે આવશે

• અમદાવાદ

અમદાવાદ-મહેસાણા હાઈવે પર ઝુંડાલ ગામની સીમમાં ગતરોજ 15 જાન્યુઆરીની સવારે એક ભયાનક અકસ્માત થયો હતો, જેમાં પૂરપાટ ઝડપે આવી રહેલી એક લાલ રંગની મર્સિડીઝના ચાલકે જ્યુપિટર પર જઈ રહેલા વૃદ્ધને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વૃદ્ધને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં હાલ તેઓ ખાનગી હોસ્પિટલના ICU વોર્ડમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા છે. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી મુજબ, ઝુંડાલ ગામમાં ગ્રામપંચાયતની સામે રહેતા રમણભાઈ મણિભાઈ પટેલ (ઉં.વ. 65) 15 જાન્યુઆરીના રોજ સવારે જ્યુપિટર (GJ-18-FJ-6218) લઈને ગુરુકુળ સ્કૂલ બાજુથી પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી આવતી એક લાલ કલરની મર્સિડીઝ ગાડી (નં. RJ19-CJ-5101)ના તેમના સ્કૂટરને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો જોરદાર હતો કે રમણભાઈ રોડ પર પટકાયા હતા અને તેમને માથા તેમજ કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને પગલે આસપાસના લોકો અને તેમના પિતરાઈ ભાઈ સુરેશભાઈ ઘટનાસ્થળે દોડી ગયા હતા. જ્યારે મર્સિડીઝનો ચાલક તેમજ પાછળ બેસેલી મહિલા ગાડી મૂકીને નાસી ગયાં હતાં. બાદમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં રમણભાઈને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફત અમદાવાદની કે.ડી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સીટી સ્કેન બાદ ડોક્ટરોએ રમણભાઈને માથામાં ગંભીર ઈજા ઉપરાંત મોઢાના જડબાના ભાગે ફ્રેક્ચર હોવાનું નિદાન કર્યું હતું. હાલમાં તેઓ બેભાન અવસ્થામાં ICUમાં સારવાર હેઠળ છે. આ અંગે રમણભાઈના મોટા ભાઈ અમૃતભાઈ મણિભાઈ પટેલે અકસ્માત સર્જનાર મર્સિડીઝ કારના ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. અડાલજ પીઆઈ એલ.ડી.ઓડેદરાએ જણાવ્યું હતું કે અકસ્માત સર્જી મર્સિડીઝ મૂકીને ચાલક નાસી ગયો હતો. પ્રાથમિક તપાસમાં પાછલી સીટમાં મહિલા પણ બેઠેલી હોવાનું જાણવા મળ્યું છે. આરટીઓમાંથી ગાડીની વિગતો ગાવવામાં આવી છે. એ પછી મર્સિડીઝમાલિક સહિતની વિગતો સામે આવશે.



### બાતમીના આધારે પોલીસે દારૂનો જથ્થો ઝડપી પડાયો

# બાકોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો

**કાર્યવાહી** રૂ. ૮,૭૭,૩૦૦/-ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડી

• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર

બાકોર પો.સ્ટે. વિસ્તારમાં રૂ ૩,૫૭,૩૦૦/- નો વિદેશી દારૂ બોટલ નંગ-૨૬૭ તથા કુલ. રૂ. ૮,૭૭,૩૦૦/-ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડી પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી મહીસાગર એલ.સી.બી. મહીસાગર જિલ્લા પોલીસ અધિક્ષક સફીન હસનએ પ્રોહીબીશનની અસરકારક કામગીરી કરવા તેમજ પ્રોહિબીશનની અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા સુચન કરેલ હોય જે અનુસંધાને મહીસાગર એલ.સી.બી. પોલીસ ઈન્સ.. એમ.કે.ખાંટની સુચના અને માર્ગદર્શન હેઠળ સ્ટાફના માણસો જિલ્લામાં અલગ અલગ જગ્યાએ પ્રોહિ વોચ તપાસમાં રહેલ. જે દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના આ.હે.કો. મહિપાલસિંહ ઉમેદસિંહ નાઓને બાતમી મળેલ કે એક સફેદ કલરની સ્વિફ્ટ ગાડીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી રાજસ્થાનથી નીકળી ડીટવાસ થઈ બાબલીયા તરફ જનાર છે જે ચોક્કસ બાતમી હકીકત આધારે સ્ટાફના માણસો લવાણા ગામની સિમમાં સદર વાહનની વોચમાં રહેલ દરમ્યાન બાતમી મુજબની સફેદ કલરની સ્વિફ્ટ ગાડી આવતા એલ.સી.બી. સ્ટાફના માણસોએ વાહનોની આડાશ કરી સદર ગાડીને રોકી લીધેલ અને ગાડી ચાલક તેમજ બીજા એક ઈસમને ઝડપી લીધેલ. બાદ સદર ગાડી પંચો રૂબરુ ચેક કરતા તેમાં વિદેશી દારૂની પેટીઓ હોવાનુ જણાવી આવતા ગાડીને પોલીસ જાપ્તા સાથે બાકોર પોલીસ સ્ટેશન લાવી ચેક કરતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂ અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ ૨૬૭ કુલ રૂ. ૦૩,૫૭,૩૦૦/- નો વિદેશી દારૂ તથા બીજો મુદ્દામાલ કુલ રૂ. ૦૮,૭૭,૩૦૦/- નો મળી આવેલ જે અંગે બાકોર પોસ્ટે ખાતે પ્રોહીબીશનનો ગુનો નોધી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. પકડાયેલ આરોપીઓ- (૧) યોગેશ દેવપુરી ગોસ્વામી રહે. મેવડા ગામ, તા- સિમલવાડા, જી-ડુંગરપુર (રાજસ્થાન) (૨) વિશ્વજીતસિંહ અભેસિંહ રાઠોડ રહે, ખેરોદા ગામ, તા- વલભનગર જી-ઉદેપુર (રાજસ્થાન)



# 16 ફેબ્રુઆરીથી 25 માર્ચ સુધી બજેટ સત્ર મળશે, 23 દિવસમાં 26 બેઠક યોજાશે

### વિધાનસભાના બજેટ સત્રની તારીખ જાહેર

• ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રની તારીખ જાહેર કરવામાં આવી છે. આગામી તા.16 ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભા બજેટ સત્રની બેઠક મળશે.આ બજેટ સત્ર 23 દિવસ એટલે કે 25 માર્ચ સુધી ચાલશે. બજેટ સત્રની 26 બેઠક યોજાશે. વિધાનસભાના કામકાજ સલાહકાર સમિતિની પુનઃ રચના પણ કરવામાં આવી છે. બજેટ સત્ર પહેલા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી કામકાજ સલાહકાર સમિતિને બેઠક બોલાવશે . તેમજ સત્ર પહેલા મળનારી કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં બેઠકો અને ચર્ચા અંગેનો આખરી નિર્ણય કરવામાં આવશે. વિધાનસભાના બજેટ સત્રમાં અનેક નીતિવિષયક વિધેયકો પણ પસાર થશે. આજે(16 જાન્યુઆરી) કેબિનેટ બેઠક મળી હતી. જેમાં અનેક તાત્કાલિક અને વિકાસલક્ષી મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ બેઠકમાં થયેલી મહત્વપૂર્ણ ચર્ચાઓ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે રિજનલ વાયબ્રન્ટ સમિટના કારણે રાજ્યમાં રોકાણની તકોમાં નોંધપાત્ર વધારો થયો છે અને ગુજરાતને ઔદ્યોગિક વિકાસના નવા શિખરે પહોંચાડવામાં સફળતા મળી છે. રાજ્યમાં પોલિસી અમલ અને વિવિધ વિકાસ યોજનાઓના પરિણામે કુલ રૂ. 45,565 કરોડના MoU થયા છે. સાથે જ રાજ્યમાં 16 હજારથી વધુ સ્ટાર્ટઅપ્સ શરૂ થઈ ચૂક્યા છે, જેમાંથી મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરતા 850થી વધુ સ્ટાર્ટઅપ્સમાં મહિલાઓ સક્રિય રીતે જોડાઈ છે. સુરત, વડોદરા, રાજકોટ અને અમદાવાદમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે. આવનારા સમયમાં જિલ્લા સ્તરે પણ સ્ટાર્ટઅપ્સ શરૂ કરી યુવાનોને સ્થાનિક સ્તરે રોજગાર અને નવીનતાની તક આપવામાં આવશે. સૌરાષ્ટ્ર રિજનલ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન 5 લાખ કરોડથી વધુના MoU થયા હોવાનું જણાવી, વાઘાણીએ કહ્યું કે સૌરાષ્ટ્રના વેપારીઓ સાથે વન-ટુ-વન ચર્ચા કરી તેમના પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે. રાજ્યના અન્ય વેપારી મંડળો સાથે પણ સરકાર વન-ટુ-વન બેઠક કરી તેમના મુદ્દાઓનું ઝડપી સમાધાન કરશે. સરકારી યોજનાઓનું અસરકારક અમલીકરણ થાય તે માટે મુખ્ય સચિવ દ્વારા જિલ્લા કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે નિયમિત રિવ્યૂ કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર દ્વારા ચાલતી વિવિધ કામોની લાંબી પ્રક્રિયા ઘટાડવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ સૂચનાઓ આપી હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો. વડોદરાના ધારાસભ્યો દ્વારા કરાયેલી રજૂઆત અંગે વાઘાણીએ જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અડચણો દૂર કરવા સતત પ્રયત્નશીલ છે અને વડોદરાના પ્રજા હિતના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવામાં આવશે. આ સાથે તેમણે સોમનાથ સ્વાભિમાન પર્વનો ઉલ્લેખ કરતાં કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં આ પર્વ અભૂતપૂર્વ માહોલ સાથે ઉજવાયો હતો અને વડાપ્રધાને તેની સમીક્ષા પણ લીધી હતી. આવનારા સમયમાં આવા અનેક કાર્યક્રમો યોજાશે, જ્યારે સોમનાથ મંદિરની યાત્રા પણ અદભૂત બની રહી છે.પ્રવક્તા મંત્રીએ અંતમાં જણાવ્યું કે રિજનલ વાઈબ્રન્ટ સમિટ સંપૂર્ણ રીતે સફળતાપૂર્વક સંપન્ન થઈ છે અને ગુજરાતમાં આવા વધુ વિકાસલક્ષી કાર્યક્રમો માટે સરકાર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

# મહારાષ્ટ્રમાં 'ભાજપના ભવ્ય વિજયને મહીસાગર જિલ્લા ભાજપે વધાવ્યો



• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહારાષ્ટ્રની મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ભાજપ ગઠબંધન પ્રચંડ વિજય તરફ આગળ વધી રહ્યું છે. ભાજપના પ્રચંડ વિજયના સમાચાર મળતા જ આ ઐતિહાસિક વિજયને વધાવવા માટે મહીસાગર જિલ્લાના મુખ્યમથક લુણાવાડા ખાતે જિલ્લા ભાજપ દ્વારા ભવ્ય વિજય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. લુણાવાડાના ચાર કોશિયા નાકા પાસે આવેલા ભાજપ કાર્યાલય ખાતે મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારિયા અને ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી મુક્તિબેન જોશીની ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓ ઉમટી પડ્યા હતા. કાર્યકર્તાઓએ ભારત માતા કી જયના નારા લગાવી અને ફટાકડા ફોડી સમગ્ર વાતાવરણને ઉત્સાહમય બનાવી દીધું હતું.આ પ્રસંગે એકબીજાના મોં મીઠા કરાવીને કાર્યકર્તાઓ ઢોલ-નગારાના તાલે વિજય ઉત્સવ મનાવ્યો હતો.આ વિજય ઉત્સવમાં જિલ્લા ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના સદસ્યો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### તલગાજરડા ખાતે મકરસંક્રાંતિના પાવન પર્વે રાજ્યના ૩૬ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું

# નપાણિયા લાડવેલ પ્રા. શાળાના મુખ્ય શિક્ષક હેમાંગભાઈ પટેલને પૂજ્ય મોરારીબાપુના હસ્તે 'ચિત્રકૂટ એવોર્ડ' અર્પણ

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

જ્યાં શિક્ષણમાં સંસ્કાર જોડાય અને બાળકોને માત્ર ભણાવવામાં નહીં પરંતુ ઘડવામાં આવે, ત્યાં જ સાચો શિક્ષક જન્મે છે. આ વાક્યને મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની નપાણિયા લાડવેલ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક હેમાંગભાઈ આર. પટેલે સાર્થક કરી બતાવ્યું છે. તેમની નિષ્ઠાપૂર્વકની શૈક્ષણિક સેવાઓને બિરદાવતા, મકરસંક્રાંતિના પવિત્ર દિવસે પૂજ્ય મોરારીબાપુના વરદહસ્તે તેમને રાજ્યના પ્રતિષ્ઠિત 'ચિત્રકૂટ એવોર્ડ' શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક થી નવાજવામાં આવ્યા છે. મહુવા તાલુકાના તલગાજરડા ખાતે ૧૪મી જાન્યુઆરી મકરસંક્રાંતિના રોજ સવારે આ કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે પૂજ્ય મોરારીબાપુના હસ્તે તલગાજરડાની નવનિર્મિત કેન્દ્રવર્તી શાળાના બિલ્ડીંગનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શિવકુંજ આશ્રમ અધેવાડાના સંત પૂજ્ય સીતારામબાપુ તેમજ રાજ્યના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



સને ૨૦૦૦ની સાલથી પ્રારંભાયેલા અને પ્રાથમિક શિક્ષકો માટે અત્યંત ગૌરવવંતા ગણાતા ચિત્રકૂટ એવોર્ડનો આ સળંગ ૨૬મો અવસર હતો. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પસંદ કરાયેલા રાજ્યના દરેક જિલ્લામાંથી એક અને નગરપાલિકા વિસ્તારના મળી કુલ ૩૬ પ્રતિભાવંત શિક્ષકોને તેમની નમૂનેદાર કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંઘના પ્રમુખ, મહામંત્રી અને અન્ય હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મહીસાગર જિલ્લાના ડોકેલાવ ગામના હેમાંગભાઈ પટેલ જેઓ શિક્ષક પરિવારમાંથી આવે છે તેઓએ વિદ્યાસહાયક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.તેમણે સી.આર.સી.કો-ઓર્ડિનેટર અને ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત ઈન્સ્પેક્ટર તરીકે પણ પ્રશંસનીય ફરજ બજાવી છે. છેલ્લા ૧૧ વર્ષથી તેઓ નપાણિયા લાડવેલ કેન્દ્રવર્તી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે કાર્યરત છે. તેમણે શાળામાં અનેકવિધ નવીન પ્રવૃત્તિઓ અમલી બનાવી બાળકોના સર્વાંગી વિકાસ અને ભવિષ્ય ઘડતરમાં મહત્વનું યોગદાન આપ્યું છે. પૂજ્ય બાપુના હસ્તે પ્રાપ્ત થયેલ આ સન્માન માત્ર હેમાંગભાઈનું વ્યક્તિગત સન્માન નથી, પરંતુ સમગ્ર મહીસાગર જિલ્લાના શિક્ષણ જગત અને ભવિષ્યનું ઘડતર કરતા પ્રત્યેક શિક્ષકનું ગૌરવ છે. તેમની આ સિદ્ધિ બદલ શિક્ષણ વિભાગના અધિકારીઓ, શિક્ષક સંઘના પ્રતિનિધિઓ,ગ્રામજનો અને સ્નેહીજનો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે. '"આ સન્માન મારું વ્યક્તિગત નહીં, પરંતુ શાળાના સહકર્મી શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શિક્ષણ પ્રત્યે મારી નિષ્ઠાનું ગૌરવ છે. એવોર્ડથી વધુ ઉત્સાહ અને સમર્પણ સાથે કાર્ય કરવાની પ્રેરણા મળી છે. પૂજ્ય બાપુના વરદહસ્તે મળેલું આ સન્માન મારા જીવનની અમૂલ્ય ક્ષણ છે."-

# અમદાવાદ : ફ્લાવર શો હવે રાત્રે 10 વાગ્યા સુધી નિહાળી શકાશે

### એક કલાકનો સમય વધારવામાં આવ્યો, રાત્રે 9 થી 10ના સમયમાં VIP ટિકિટ નહીં મળે

• અમદાવાદ

અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર તથા ફ્લાવર ગાર્ડન ખાતે આયોજિત અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શોને શહેરીજનોનો ઉત્સાહજનક પ્રતિસાદ મળતા રિવરફ્રન્ટ પરના મુલાકાતનો સમય વધારવાનો નિર્ણય મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યો છે. 16 જાન્યુઆરી 2026થી મુલાકાતીઓ ફ્લાવર શો રાત્રે 10:00 વાગ્યા સુધી નિહાળી શકશે જ્યારે ટિકિટ રાત્રે 9:00 વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. મુલાકાતીઓએ રાત્રિના 10:00 વાગ્યા સુધીમાં મુલાકાત પૂર્ણ કરવાની રહેશે. નાગરિકોને ફ્લાવર શોનો આનંદ મળી રહે તે હેતુસર રાત્રિના સમયમાં VIP ટિકિટ વ્યવસ્થા હવે ઉપલબ્ધ રહેશે નહીં. જ્યારે સવારની VIP ટિકિટ વ્યવસ્થા યથાવત રહેશે.. સવારના 07:00 વાગ્યાથી 08:00 વાગ્યા સુધી VIP ટિકિટ ઉપલબ્ધ રહેશે તથા VIP મુલાકાત સમય સવારના 08:00 થી 09:00 વાગ્યા સુધી રહેશે. આ ફ્લાવર શો દરમિયાન 12 વર્ષથી નીચેના બાળકો, સૈનિકો તેમજ વિકલાંગ વ્યક્તિઓને નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવશે. 12 વર્ષથી ઉપરના તમામ મુલાકાતીઓ માટે ટિકિટ ફરજિયાત રહેશે.



આમ, અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શોએ છેલ્લા ત્રણ વર્ષથી સતત ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં મેળવીને વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ શહેરને વૈશ્વિક મંચ પર અલગ ઓળખ અપાવી છે. વર્ષ 2024માં આયોજિત ફ્લાવર શોમાં બનેલા લોંગેસ્ટ ફ્લાવર સ્ટ્રક્ચર તેમજ વર્ષ 2025માં વિશ્વનું સૌથી મોટું ફ્લાવર બુકે બનાવવા બદલ ફ્લાવર-શોને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું હતું, જેને વિશ્વના સૌથી મોટા ફ્લાવર બુકે તરીકેનું સન્માન મળ્યું છે. આ વર્ષે 2026માં બે નવા વર્લ્ડ રેકોર્ડ સાથે ફ્લાવર શોએ સર્જનાત્મકતા, આયોજન ક્ષમતા અને ટેકનિકલ ચોકસાઈનો ઉત્તમ સમન્વય રજૂ કર્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઓનલાઈન ટિકિટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે, જેના માટે QR કોડ જાહેર કરવામાં આવ્યો છે, જે સ્કેન કરી વિગતો ભરીને ઓનલાઈન પેમેન્ટ બાદ ટિકિટ મેળવી શકાશે, જે ટિકિટ બતાવીને ફ્લાવર શોમાં પ્રવેશ મેળવી શકાશે.

**હિચકારો હુમલો**

### ઈજાગ્રસ્ત મહેશને હોસ્પિટલ ખસેડાયા છે

# ઉત્તરાયણ દરમિયાન ખેલાયો લોહીયાળ જંગ! ફતેવાડી અને મકરબામાં નજીવી બાબતે હિંસક હુમલા

### તહેવારના નામે શાંતિ ભંગ કરનારા અને છાકટા બનેલા તત્ત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરાશે

• અમદાવાદ

અમદાવાદમાં ઉત્તરાયણના પવિત્ર પર્વમાં અનેક સ્થળોએ માહોલ તંગ બન્યો હતો. શહેરના પશ્ચિમ વિસ્તારમાં મારામારીની 6 જેટલી ઘટનાઓ સામે આવી છે, જેમાં ફતેવાડીમાં ગાળો બોલવાની ના પાડતા યુવક પર છરીથી હુમલો થયો હતો, જ્યારે મકરબામાં સમાધાન કરાવવા ગયેલા ભાઈઓ પર લાકડીઓ વડે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. મળતી માહિતી અનુસાર, શહેના ફતેવાડીની અલશુકુન-1 સોસાયટીમાં સલમાનખાન અસલમખાન તેના મિત્ર સાથે ધાબા પર પતંગ ચગાવતો હતો. આ દરમિયાન પાડોશમાં રહેતા ફૈઝાન નામના શખસે બિભત્સ ગાળાગાળી શરૂ કરી હતી. ધાબા પર મહિલાઓની હાજરી હોવાથી સલમાનખાને ગાળો બોલવાની મનાઈ કરી હતી. આ વાતની અદાવત રાખી ફૈઝાન, તેના ભાઈ ફરહાન અને પિતા યાસીન ઉર્ફે બાટલાએ એકસંપ થઈ સલમાન પર લાકડી અને છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્તની ફરિયાદના આધારે વેજલપુર પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. બીજી તરફ મકરબાના કૃષ્ણધામ ઔડાના મકાનોમાં પણ પતંગોત્સવ દરમિયાન હિંસા થઈ હતી. મહેશ ઠાકોર અને તેમનો પરિવાર પતંગ ચગાવી રહ્યા હતા ત્યારે પાડોશી લાલુ ઠાકોર સાથે 4 અજાણ્યા શખસો ઝઘડો કરી રહ્યા હતા. મહેશભાઈ આ ઝઘડો શાંત પાડવા વચ્ચે પડ્યા હતા. સમાધાન કરાવવા ગયેલા મહેશ અને તેમના ભાઈ વિજય પર ચારેય શખસોએ લાકડીઓ વડે હુમલો કર્યો હતો. હુમલો કર્યા બાદ ચારેય શખસો કાર લઈને ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત મહેશને હોસ્પિટલ ખસેડાયા છે અને આનંદનગર પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે હુમલાખોરોને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે. શહેરના પશ્ચિમ વિસ્તારોમાં થયેલી આ 6 મારામારીની ઘટનાઓને પગલે પોલીસ સજ્જ બની છે. પોલીસના જણાવ્યાનુસાર, તહેવારના નામે શાંતિ ભંગ કરનારા અને છાકટા બનેલા તત્ત્વો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.



### ત્રિપુરાની કેન એમ્બ્રોઈડરી દ્વારા બનાવેલી જ્વેલરી, નાગાલેન્ડનું પરંપરાગત ફેબ્રિક અને મિઝોરમના મિલેટ સીડ્સ (બાજરીના દાણા)થી કરાયેલી એમ્બ્રોઈડરી

# NIDએ રાષ્ટ્રપતિ ભવનના મહેમાનો માટે તૈયાર કર્યા ખાસ કાર્ડ, 350 કલાકારોની અજોડ હસ્તકલા

**નવિન નજરાણુ**

### રાષ્ટ્રપતિ ભવનમાં કુલ 950 જેટલા નિમંત્રણ પત્રોની ડિલિવરી કરી દેવામાં આવી છે



• અમદાવાદ

નવી દિલ્હીમાં યોજાનારા ગણતંત્ર દિવસ (26મી જાન્યુઆરી)ના પર્વ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવન દ્વારા મોકલવામાં આવતા નિમંત્રણ પત્રો આ વખતે ખાસ આકર્ષણનું કેન્દ્ર બનશે. અમદાવાદ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID) દ્વારા સતત ત્રીજી વખત રાષ્ટ્રપતિ ભવન માટે આ વિશેષ ઈન્વિટેશન કાર્ડ (નિમંત્રણ પત્ર) તૈયાર કરવાની ગૌરવપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી છે. આ વર્ષના નિમંત્રણ પત્રોની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોની વિવિધતા અને ત્યાંની પરંપરાગત હસ્તકલાને પ્રદર્શિત કરવામાં આવી છે. NID અમદાવાદએ આ ઈન્વિટેશન કાર્ડ તૈયાર કરવા માટે લગભગ 350 લોકોએ સાથે મળીને કામ કર્યું છે. જેમાં 200થી વધુ કારીગરોએ પોતાના મૂળ ગામોમાં બેસીને આ કળા પર કામ કર્યું છે, જ્યારે NID અમદાવાદના 100 જેટલા ફેકલ્ટી સભ્યો, સ્ટાફ, પૂર્વ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ આ કિટ તૈયાર કરવામાં ફાળો આપ્યો છે. આ આખી ડિઝાઈન તૈયાર કરતા પહેલા NIDની ટીમે ઉત્તર-પૂર્વના રાજ્યોનો પ્રવાસ કરીને ત્યાંની ક્રાફ્ટ સાયકલ સમજી હતી, જેમાં 45 દિવસ સંશોધનમાં અને 45 દિવસ નિર્માણમાં એમ કુલ 90 દિવસનો સમય લાગ્યો હતો. નિમંત્રણ કાર્ડમાં 'અષ્ટલક્ષ્મી' ગણાતા ઉત્તર-પૂર્વના આઠ રાજ્યોનું પ્રતિનિધિત્વ કરતા વિશિષ્ટ નમૂનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કાર્ડની અંદર સિક્કિમનું વાઈલ્ડ નેટલ ફેબ્રિક છે જેના પર માઉન્ટ કાંચનજંઘાનું એમ્બ્રોઈડરી કામ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મેઘાલયનું ગ્રીન બેમ્બુ વણાટ અને અરુણાચલ પ્રદેશનું પ્રખ્યાત 'મોનપા' હેન્ડમેડ પેપર પણ સામેલ છે, જે ઝાડની છાલમાંથી કોઈપણ કેમિકલ વગર બનાવવામાં આવે છે. આસામની ઓળખ ગણાતું વાજિંત્ર 'ગોગોના' પણ આ કિટનો એક ભાગ છે. કિટમાં અન્ય રાજ્યોની કળાને પણ સ્થાન અપાયું છે, જેમાં ત્રિપુરાની કેન એમ્બ્રોઈડરી દ્વારા બનાવેલી જ્વેલરી, નાગાલેન્ડનું પરંપરાગત ફેબ્રિક અને મિઝોરમના મિલેટ સીડ્સ (બાજરીના દાણા)થી કરવામાં આવેલી એમ્બ્રોઈડરીનો સમાવેશ થાય છે. મણિપુરના લોંગપી હિલ્સની ખાસ બ્લેક પોટરી, જે પથ્થરોને પીસીને બનાવવામાં આવે છે, તેનો નમૂનો પણ આ નિમંત્રણ પત્રની શોભા વધારશે. આ તમામ વસ્તુઓ બનાવવા માટે વપરાયેલી કાચી સામગ્રી સીધી જ ઉત્તર-પૂર્વના રાજ્યોમાંથી મંગાવવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ભવનમાં કુલ 950 જેટલા નિમંત્રણ પત્રોની ડિલિવરી કરી દેવામાં આવી છે. આ પ્રયાસ પાછળનો મુખ્ય હેતુ સ્થાનિક કારીગરોની હસ્તકલાને પ્રોત્સાહન આપવાનો અને તેમને વૈશ્વિક સ્તરે વિઝિબિલિટી અપાવવાનો છે. અગાઉના વર્ષોમાં પણ આ પ્રકારના ઈન્વિટેશન કાર્ડને કારણે કારીગરોની કળા પ્રત્યે લોકોમાં જાગૃતિ અને રસ વધ્યો છે.

# પાલડીમાં AMCની મોટી કાર્યવાહી, મુસ્તુફા માણેકચંદનો ગેરકાયદે બંગલો જમીનદોસ્ત

### આ કડક કાર્યવાહીને કારણે અન્ય ગેરકાયદે બાંધકામ કરનારા તત્ત્વોમાં પણ ફફડાટ વ્યાપી ગયો

• અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ ગણાતા પાલડી વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ગેરકાયદે બાંધકામ સામે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પાલડીના કોચરબ આશ્રમ પાછળ આવેલી નૂતન સર્વોદય સોસાયટીમાં મુસ્તુફા માણેકચંદના બંગલામાં થયેલા ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની કામગીરી આજે (16મી જાન્યુઆરી) ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શરૂ કરવામાં આવી છે. AMCની ટીમ અને પોલીસ કાફલો આજે સવારથી જ નૂતન સર્વોદય સોસાયટી પહોંચી ગયા હતા. કોઈ પણ પ્રકારનો વિરોધ કે અનિચ્છનીય ઘટના ન બને તે માટે આખા વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. તંત્ર દ્વારા બંગલાના જે ભાગમાં ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હતું, તેને જમીનદોસ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.



આ કાર્યવાહી પાછળ લાંબા સમયથી ચાલી રહેલો વિવાદ અને રાજકીય રજૂઆત કારણભૂત હોવાનું મનાય છે. એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે કોચરબ આશ્રમની આસપાસ થતા ગેરકાયદે બાંધકામો અને અશાંતધારાના ભંગ અંગે ઉચ્ચ સ્તરે પત્ર લખીને ગંભીર રજૂઆત કરી હતી. ધારાસભ્યના પત્ર બાદ સર્જાયેલા વિવાદને પગલે AMC તંત્ર સફાળું જાગ્યું હતું અને કાયદાકીય જોગવાઈઓના ભંગ બદલ નોટિસ બાદ આજે તોડપાડની કાર્યવાહી હાથ ધરી છે. પાલડી જેવા રહેણાંક વિસ્તારમાં નામાંકિત વ્યક્તિના બંગલા પર તંત્રનો હથોડો વાગતા આસપાસના રહીશોમાં પણ ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. અશાંતધારા અને ગેરકાયદે બાંધકામ મામલે તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહીને કારણે અન્ય ગેરકાયદે બાંધકામ કરનારા તત્ત્વોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

# સ્વર્ણિમ સંકુલમાં CM ભૂપેન્દ્ર પટેલે કલેક્ટર કોન્ફરન્સ યોજી

### i-ORA, ઈ-ધરા અને મહેસુલ કામકાજની સમીક્ષા, અધિકારીઓના ફોન બહાર મુકાવ્યા

• ગાંધીનગર

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોની એકદિવસીય કલેક્ટર કોન્ફરન્સ બોલાવી હતી. રાજ્યના મહેસૂલ તંત્રને વધુ અસરકારક બનાવવા માટે યોજાયેલી આ બેઠકમાં મહેસૂલ સંબંધિત મહત્વના મુદ્દાઓ પર વિશેષ સમીક્ષા હાથ ધરવામાં આવી રહી છે. આ બેઠકમાં રાજ્યના મહેસૂલ મંત્રી સંજયસિંહ મહીડા, મહેસૂલ વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી એસ. રવિ તેમજ રાજ્યના મુખ્ય સચિવ એમ.કે. દાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સમાં i-ORA, ઈ-ધરા સહિતની સેવાઓની કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવશે તેમજ મહેસૂલ વિભાગ હેઠળ ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યોની પ્રગતિ અને ભાવિ આયોજન અંગે ચર્ચા થશે. સરકારી જમીનો ઉપર થયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવા, જમીન માપણી સહિતના મુદ્દાઓ પર



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કલેક્ટરોને સ્પષ્ટ માર્ગદર્શન આપશે. આ ઉપરાંત જમીન સંબંધિત કામગીરી, સંકલિત કાયદા અને સરકારના વિવિધ ઠરાવો તેમજ લાંબા સમયથી પડતર રહેલા કેસોના ઝડપી નિવારણ અંગે પણ વિગતવાર ચર્ચા હાથ ધરાશે. કોન્ફરન્સમાં ગંભીરતા અને સંપૂર્ણ ધ્યાન સાથે ચર્ચા થાય તે માટે તમામ કલેક્ટરોના મોબાઈલ ફોન જમા લેવાયા હતા અને બેઠક દરમિયાન મોબાઈલ લઈ જવાની મનાઈ રાખવામાં આવી હતી. રાજ્યના વહીવટીતંત્રમાં શિસ્ત અને જવાબદારી વધારવાનો આ નિર્ણય નોંધપાત્ર માનવામાં આવી રહ્યો છે.

# ગાંધીનગર : માર્ગ-મકાન વિભાગમાં વર્ગ-3ની 388 જગ્યા પર ભરતી: GSSSBની જાહેરાત

• ગાંધીનગર

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ(GSSSB) દ્વારા માર્ગ અને મકાન વિભાગમાં વર્ક આસીસ્ટન્ટ અને રેખનકાર વર્ગ-3ના પદ પર કુલ 388 જગ્યા પર ભરતી પ્રક્રિયાને લઈને જાહેરાત કરવામાં આવી છે. ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારો 16 જાન્યુઆરીથી 30 જાન્યુઆરી દરમિયાન OJAS પરથી ઓનલાઈન અરજી કરી શકશે. GSSSBની ભરતી જાહેરાત ક્રમાંક નંબર 355/202526 હેઠળ માર્ગ અને મકાન વિભાગના નિયંત્રણ હેઠળની વિવિધ વર્તુળ કચેરીઓ હસ્તકના વર્ક આસીસ્ટન્ટ વર્ગ-3 માટે કુલ 336 જગ્યા પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેમાં અધિક્ષક ઈજનેર, સંયુક્ત નિયામક સહિતના પદ માટે અલગ-અલગ જિલ્લામાં ઉમેદવારોની ભરતી કરાશે. આ ભરતી માટે ઉમેદવારો 16 થી 30 જાન્યુઆરીની રાત્રે 11:59 સુધી સત્તાવાર વેબસાઈટ ojas.gujarat.gov.in પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. GSSSBની ભરતી જાહેરાત ક્રમાંક નંબર 357/202526 હેઠળ રેખનકારના પદ માટે કુલ 52 જગ્યા પર ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ભરતી માટે કોમ્પ્યુટરની જાણકારીની સાથે સરકાર દ્વારા સ્થાપિત કોઈપણ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી મેળવેલ સિવિલ ડ્રાફ્ટ્સમેનમાં ઓછામાં ઓછું બે વર્ષનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારોને લાયક ઠેરવવામાં આવશે.

### ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે નો એવોર્ડ, ટ્રોફી, મેડલ અને ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું

# જાણીતા સાહિત્યકાર વિજ્ઞાન લેખક દીપક જગતાપને 'ગુજરાત સારવત સન્માન ૨૦૨૬'નો એવોર્ડ એનાયત

• દીપક જગતાપ, રાજપીપલા

2026ના નૂતન વર્ષે જાણીતા સાહિત્યકાર,વિજ્ઞાન અને પૂર્વ આચાર્ય લેખક દીપક જગતાપને 'ગુજરાત સારવત સન્માન ૨૦૨૬'નો એવોર્ડ એનાયત થયોછે. તા. 11 જાન્યુઆરીના રોજ પાલનપુર ખાતે મહાનુભવોના વરદ હસ્તે 'ગુજરાત સારવત સન્માન ૨૦૨૬'નો ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે નો એવોર્ડ, ટ્રોફી, મેડલ અને ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં નર્મદા સાહિત્ય સંગમના પ્રમુખ અને જાણીતા વિજ્ઞાન લેખક અને સાહિત્યકાર દીપક જગતાપને આ એવોર્ડ તેમની નિવૃત્તિ પછી પણ શિક્ષણ, સાહિત્ય, વિજ્ઞાન અને સામાજિક પ્રવૃત્તિઓમાં અપ્રતિમ યોગદાન આપવા બડલ આ સન્માન મળ્યું હતું. દીપક જગતાપ હાલ નર્મદા જિલ્લા માં સાહિત્ય સંગમ ની વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ ચલાવે છે જેના તેઓ પ્રમુખ છે. પોતે જાણીતા વિજ્ઞાન લેખક, કટાર લેખક ઉપરાંત સાયન્સ ગ્રાફી વિજ્ઞાન માસિક નાં તંત્રી અને વોઈસ ઓફ નર્મદા નાં મેનેજીંગ તંત્રી પણ છે. જેમના 3000 થી વધુ લેખો અને 14જેટલાં મૌલીક પુસ્તકો અને 12 જેટલાં સંપાદિત પુસ્તકો પ્રકાશિત થયા છે જે માટે અનેક એવોર્ડ સન્માન એનાયત થયા છે.



### મુંબઈ-નાગપુર-પુણેમાં મોટી લીડ; લાતુરમાં કોંગ્રેસે ૭૦માંથી ૪૩ બેઠક જીતી, ભાજપ ગઠબંધન નાગપુર, પુણે, થાણે, નવી મુંબઈ, પિંપરી ચિંચવડ અને નાસિકમાં આગળ

# મુંબઈનો બોસ ભાજપ, ઠાકરે બ્રધર્સનો ખેલ ખતમ!: ૨૪ કોર્પોરેશનમાં ભાજપ આગળ

## દેશની સૌથી અમીર મ્યુનિસિપલ સંસ્થા, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં પરિણામો પર માત્ર મહારાષ્ટ્ર જ નહી પરંતુ સમગ્ર દેશની નજરટ્વ

એજન્સી।મુંબઈ,તા.૧૬

મહારાષ્ટ્રની મ્યુનિસિપલ ચૂંટણીઓમાં ભાજપ ગઠબંધન પ્રચંડ વિજય તરફ આગળ વધી રહ્યો છે. વલણો દર્શાવે છે કે ભાજપ ગઠબંધન ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાંથી ૨૪ પર આગળ છે. દેશની સૌથી અમીર મ્યુનિસિપલ સંસ્થા, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં પરિણામો પર માત્ર મહારાષ્ટ્ર જ નહીંસ પરંતુ સમગ્ર દેશની નજર છે.

મુંબઈના બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)માં ભાજપ+શિવસેના (શિંદે) ગઠબંધન ૨૨૭માંથી ૧૧૮ બેઠક પર આગળ છે. ભાજપ ગઠબંધન નાગપુર, પુણે, થાણે, નવી મુંબઈ, પિંપરી ચિંચવડ અને નાસિકમાં પણ આગળ છે. કોંગ્રેસે લાતુરમાં ૭૦માંથી ૪૩ બેઠક જીતીને જીત મેળવી છે.

ચંદ્રપુરમાં પણ કોંગ્રેસ આગળ છે. પરભણી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે) આગળ છે. વસઈ-વિરારમાં બહુજન વિકાસ આઘાડી (VBA) અને માલેગાંવમાં શિવસેના (શિંદે) આગળ ચાલી રહી છે.

શુક્રવારે સવારે ૧૦ વાગ્યે મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે મતગણતરી શરૂ થઈ હતી. રાજ્યમાં મ્યુનિસિપલ ચૂંટણી માટે મતદાન ૧૫ જાન્યુઆરીએ થયું હતું.૮૯૩ વોર્ડમાં કુલ ૧૫,૯૩૧ ઉમેદવાર મેદાનમાં છે. કુલ ૨,૮૬૯ મ્યુનિસિપલ કોર્પોરેશન બેઠકો છે, જેમાંથી ૬૮ ઉમેદવારો બિનહરીફ જીત્યા છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્ર મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપ અને તેના ગઠબંધન પર બોલતા કહ્યું,"બધા પક્ષના કાર્યકરોની અથાક મહેનતને કારણે, ભાજપે ફરી એકવાર રાજ્યમાં શાનદાર જીત મેળવી છે. આ જીત વિકાસ અને પ્રગતિ સુનિશ્ચિત કરવાના ભાજપના વિઝનમાં લોકોનો વિશ્વાસ દર્શાવે છે."BMCચૂંટણીમાંAIMIM ઉમેદવાર ખૈરુનિશા અકબર હુસૈને વોર્ડ નંબર ૧૪૫થી જીત મેળવી છે. તેમણે કહ્યું,"આ જીત ફક્ત મારી નહીં, પણ લોકોની છે. અમે ઉઠાવેલા તમામ મુદ્દાઓ પર અમે કામ કરીશું."બીએમસી ચૂંટણી અંગે મિલિંદ દેવરાએ કહ્યું કે મુંબઈના લોકોએ નાટકીય રાજકારણ માટે નહીં, પણ પરિવર્તન, જવાબદારી અને વિકાસ માટે મતદાન કર્યું છે. તેમણે કહ્યું કે આજે મુંબઈના રાજકારણમાં ફક્ત બે ભાઈઓ છે, દેવેન્દ્ર ફડણવીસ





અને એકનાથ શિંદે, તેમની સરનેમ 'વિકાસ' છે. મતદારોની આંગળીઓ પર શાહી લગાવવા અંગે વિપક્ષના આરોપો પર, દેવડાએ કહ્યું કે તેમની આંગળી પર હજુ પણ શાહી છે, ભલે તેઓ ઘણીવાર હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરે છે. તેમણે કહ્યું કે ઈફસ્, મતદાર યાદીઓ અને હવે શાહી પરના આરોપો વિપક્ષી દળોના ખોટા બહાના છે.મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે કહ્યું, "આ જનાદેશ મુંબઈના વિકાસ માટે છે. અમે મેટ્રો રેલ નેટવર્ક, કોસ્ટલ રોડ અને ટ્રાન્સ-હાર્બર લિંક જેવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ સમર્પિત કરીને મુંબઈના લોકોનો વિશ્વાસ મેળવ્યો છે." આ જનાદેશ મુંબઈના લોકોની શહેરના વિકાસ માટેની ઈચ્છા દર્શાવે છે.મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેએ મહારાષ્ટ્રની નાગરિક ચૂંટણીઓમાં ભાજપ અને શિવસેનાના વિજય પર ખુશી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે એવું લાગે છે કે"જય શ્રી રામ"અને"આઈ લવ મહાદેવ" માનસિકતા ધરાવતા અને મહાયુતિ (મહાગઠબંધન) સાથે સંકળાયેલા લોકો મેયર પદ સંભાળશે.તેમણે કહ્યું કે આ વલણો રાજ્યના શહેરી વિસ્તારોમાં મહાયુતિ ગઠબંધનની વિચારધારા અને કાર્યશૈલી માટે જાહેર સમર્થન દર્શાવે છે. મહારાષ્ટ્ર નગર નિગમ ચૂંટણીમાં મળેલા પ્રચંડ વિજય પર ટિપ્પણી કરતા, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું,"રાજ્યના લોકોએ વિકાસની રાજનીતિ પસંદ કરી છે. ભાજપ-શિવસેનાએ બીએમસી ચૂંટણીમાં સારું પ્રદર્શન કર્યું." મુંબઈના લોકોએ મહાયુતિને બહુમતી આપી છે. આ માટે અમે મુંબઈના લોકોના ખૂબ ખૂબ આભારી છીએ. જનતાએ ભાજપ અને શિવસેનામાં વિશ્વાસ મૂક્યો છે. અમે વિકાસના મુદ્દા પર આગળ વધી રહ્યા છીએ. જનતા લાગણીઓના રાજકારણમાં ફસાતી નથી. જલગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોલ્હે પરિવારે ઈતિહાસ રચ્યો. પરિવારના ત્રણ સભ્યોએ અલગ અલગ વોર્ડમાં જંગી જીત મેળવી. તેમાંથી શિવસેના (શિંદે જૂથ)ના ભૂતપૂર્વ મેયર લલિત કોલ્હેએ જેલમાંથી ચૂંટણી લડી અને જીત મેળવી.લલિત કોલ્હેના પુત્ર, પિયુષ કોલ્હે, તેમની પહેલી ચૂંટણી જીતી ગયા. આ સમાચાર મળતાં જ, તેમની માતા, સરિતા કોલ્હે, ખુશીના આંસુઓથી છલકાઈ ગઈ અને તેમના પુત્ર પિયુષને ભેટી પડયા. સરિતા શિવસેના (શિંદે)ની મહિલા વિંગના વડા છે.મહારાષ્ટ્ર મ્યુનિસિપલ ચૂંટણીમાં ભાજપ ગઠબંધનની લીડ અંગે, ભાજપના નેતા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું, *તમે બધાએ જોયું કે આજે ભાજપ ગઠબંધને મ્સ્ઝ ચૂંટણીમાં શાનદાર જીત મેળવી છે. આ દર્શાવે છે કે પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપ અને એનડીએની સ્વીકૃતિ સતત વધી રહી છે.

### પીએમ મોદી તેમને લીલી ઝંડી આપશે

# વંદે ભારત સ્લીપર અને ૭ અમૃત ભારત ટ્રેનોની લોન્ચ તારીખ નક્કી

• નવીદિલ્હી,તા.૧૬



ભારતની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેનની રાહ થોડા કલાકોમાં જ પૂરી થશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૭ જાન્યુઆરીએ આ ટ્રેનને લીલી ઝંડી આપશે. તેઓ સાત અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોનું પણ લોન્ચિંગ કરશે. તેઓ રેલ, માર્ગ અને જળ પરિવહન સંબંધિત અનેક મુખ્ય વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને સમર્પિત કરશે. ૧૭ જાન્યુઆરીએ બપોરે ૧૨:૪૫ વાગ્યે, પ્રધાનમંત્રી માલદા પહોંચશે અને માલદા ટાઉન રેલ્વે સ્ટેશનથી દેશની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી આપશે. આ ટ્રેન હાવડા અને ગુવાહાટી (કામખ્યા) વચ્ચે દોડશે. તેઓ ગુવાહાટી (કામખ્યા)-હાવડા વંદે ભારત સ્લીપર ટ્રેનને વર્ચ્યુઅલી લીલી ઝંડી પણ આપશે.

સંપૂર્ણ વાતાનુકૂલિત વંદે ભારત સ્લીપર ટ્રેન મુસાફરોને સસ્તા ભાડા પર વિમાન જેવો અનુભવ પ્રદાન કરશે. આ ટ્રેન હાવડા-ગુવાહાટી રૂટ પર મુસાફરીનો સમય લગભગ ૨.૫ કલાક ઘટાડશે, જે લાંબા અંતરની મુસાફરી, ધાર્મિક પર્યટન અને પર્યટન ક્ષેત્રને મોટો પ્રોત્સાહન આપશે. પ્રધાનમંત્રી પશ્ચિમ બંગાળમાં ચાર મુખ્ય રેલ્વે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે, જેમાં બાલુરઘાટ-હિલી નવી રેલ લાઈન, ન્યૂ જલપાઈગુડીમાં આધુનિક માલ જાળવણી સુવિધા, સિલિગુડી લોકો શેડનું અપગ્રેડેશન અને જલપાઈગુડી જિલ્લામાં વંદે ભારત ટ્રેનો માટે જાળવણી માળખાના આધુનિકીકરણનો સમાવેશ થાય છે. આનાથી મુસાફરો અને માલ સેવાઓ મજબૂત થશે.

# આતંકવાદની નાબૂદ ન થાય ત્યાં સુધી અમારા પ્રયાસો ચાલુ રહેશે,રાજનાથ સિંહ

• જયપુરી,તા.૧૬

જયપુરમાં સેના દિવસની ઉજવણી માટે રાષ્ટ્રીય પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે શૌર્ય સંધ્યા કાર્યક્રમ યોજાયો હતો. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે જયપુર પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર હજુ સંપૂર્ણપણે સમાપ્ત થયું નથી. તેમણે કહ્યું, "હું રાજસ્થાનની બહાદુર ભૂમિ પરથી જાહેર કરું છું કે આતંકવાદનો વિચાર નાબૂદ ન થાય ત્યાં સુધી શાંતિ માટેના અમારા પ્રયાસો ચાલુ રહેશે." ઓપરેશન સિંદૂરમાં, ભારતે માત્ર તેની લશ્કરી શક્તિ જ નહીં પરંતુ તેના રાષ્ટ્રીય ચારિત્ર્યનું પણ પ્રદર્શન કર્યું. અમે ઓપરેશનમાં આતંકવાદીઓ સામે કાર્યવાહી કરી. પરંતુ આ કાર્યવાહી વિચારપૂર્વક અને માનવતાવાદી મૂલ્યોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. આ ઓપરેશન ઈતિહાસમાં હિંમત અને સંતુલનનું પ્રતીક બનશે. આ દરમિયાન, તેમણે સૈન્યમાં મહિલાઓની ભાગીદારીના મુદ્દા પર પણ વાત કરી. તેમણે કહ્યું કે આજે પણ, સૈન્યમાં મહિલાઓને તકો પૂરી પાડવામાં ઘણા પરંપરાગત અને સાંસ્કૃતિક અવરોધો છે. આ દિશામાં એક શરૂઆત કરવામાં આવી છે. ૨૦૨૧ થી રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમીમાં મહિલાઓનો પ્રવેશ શરૂ કરવામાં આવ્યો છે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે સમગ્ર વિશ્વ અનિશ્ચિતતાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. સ્થાપિત ધારણાઓ તૂટી રહી છે. આવી સ્થિતિમાં, દેશના અસ્તિત્વ માટે સૈન્યને મજબૂત અને આધુનિક બનાવવું જરૂરી બની ગયું છે. તેમણે કહ્યું, "હું રાજસ્થાનથી જાહેર કરું છું કે આપણે ૨૦૪૭ સુધીમાં ભારતીય સેનાને વિશ્વની સૌથી શક્તિશાળી સેના બનાવવા તરફ આગળ વધી રહ્યા છીએ.

### ઇકોસિસ્ટમ મર્યાદિત ખ્યાલથી રાષ્ટ્ર નિર્માણના સૌથી મોટા સ્તંભ સુધી વિકસિત થયું

# રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ પર પીએમ મોદી, ભારતની સ્ટાર્ટઅપ ક્રાંતિ ભવિષ્યનો પાયો છે

• નવીદિલ્હી,તા.૧૬

છેલ્લા દાયકામાં, ભારતનું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ મર્યાદિત ખ્યાલથી રાષ્ટ્ર નિર્માણના સૌથી મોટા સ્તંભ સુધી વિકસિત થયું છે. રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ નિમિત્તે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વિકાસ યાત્રાને નવા અને વિકાસશીલ ભારતના ભવિષ્યનો પાયો ગણાવી. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે આજના સ્ટાર્ટઅપ સ્થાપકો અને નવીનતાઓનો સમૂહ ખરેખર ભારત માટે ઉજ્જવળ ભવિષ્ય રજૂ કરે છે.સ્ટાર્ટઅપ ચળવળની નમ્ર શરૂઆતને યાદ કરતા, પ્રધાનમંત્રીએ સમજાવ્યું કે લગભગ ૧૦ વર્ષ પહેલાં, આ કાર્યક્રમનો પાયો વિજ્ઞાન ભવનમાં નાખવામાં આવ્યો હતો. તે સમયે, પહેલ ખૂબ જ નાની હતી, જેમાં ફક્ત ૫૦૦ થી ૭૦૦ યુવા સહભાગીઓ હતા.પીએમ મોદીએ કહ્યું, "આજે, આ પરિસ્થિતિમાં પરિવર્તન સ્પષ્ટપણે દેખાય છે. સ્ટાર્ટઅપ્સની વધતી સંખ્યા અને તેમના વિસ્તરણને કારણે સ્થળ વિજ્ઞાન ભવનથી ભારત મંડપમમાં ખસેડાયું છે. પ્રધાનમંત્રીના મતે, આજે પરિસ્થિતિ એવી છે કે ભારત મંડપમ જેવા વિશાળ આધુનિક કેન્દ્રમાં પણ સ્ટાર્ટઅપ ઉત્સાહીઓ માટે જગ્યા ખતમ થઈ રહી છે. આ પરિવર્તન ફક્ત સ્થાનનો વિષય નથી, પરંતુ ભારતની નવીનતા ક્ષમતા અને વૈશ્વિક સ્તરે સ્ટાર્ટઅપ્સની સ્વીકૃતિનું પ્રતીક છે." પીએમ મોદીએ કહ્યું, "હું આપણા બધા યુવા ઈનોવેટર્સનો



ખૂબ ખૂબ આભાર માનું છું જેમણે નવા સપના જોવાની હિંમત બતાવી છે." સ્ટાર્ટઅપ ડે પર પીએમ મોદીએ બીજું શું કહ્યું? આજે આપણે સ્ટાર્ટઅપ ઈન્ડિયાના ૧૦ વર્ષના સીમાચિહ્નની ઉજવણી કરી રહ્યા છીએ. આ ૧૦ વર્ષની સફર ફક્ત સરકારી યોજનાની સફળતાની વાર્તા નથી; તે તમારા જેવા હજારો અને લાખો સપનાઓની સફર છે. તે ઘણા બધા સપના સાકાર થવાની સફર છે. ૧૦ વર્ષ પહેલાની પરિસ્થિતિઓને યાદ કરો... વ્યક્તિગત પ્રયાસો અને નવીનતા માટે કોઈ અવકાશ નહોતો. અમે તે પરિસ્થિતિઓને પડકારી, સ્ટાર્ટઅપ ઈન્ડિયા શરૂ કરી, અને યુવાનોને ખુલ્લું આકાશ આપ્યું, અને આજે પરિણામો આપણી સામે છે.

### ૮ વર્ષ પછી ઈડીએ પહેલી વાર ઔપચારિક રીતે દાવો કર્યો

# ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સીનો પુત્ર પણ મની લોન્ડરિંગમાં સામેલ હતો

• નવીદિલ્હી,તા.૧૬

ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સી સામે આઠ વર્ષની તપાસ પછી, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ પહેલી વાર ઔપચારિક રીતે દાવો કર્યો છે કે તેનો પુત્ર, રોહન ચોક્સી પણ મની લોન્ડરિંગ નેટવર્કમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યો હતો. ઈઢ એ દિલ્હી સ્થિત એપેલેટ ટ્રિબ્યુનલ સમક્ષ પોતાની લેખિત રજૂઆતોમાં આ દાવો કર્યો હતો. આ કેસમાં આશ્ચર્યજનક વાત એ છે કે છેલ્લા આઠ વર્ષમાં, રોહન ચોક્સીનું નામ કોઈ એફઆઈઆરમાં નથી, કે સીબીઆઈ કે ઈડી દ્વારા દાખલ કરાયેલા કોઈપણ પીએમએલએ કેસમાં તેને આરોપી તરીકે નામ આપવામાં આવ્યું નથી. આમ છતાં, ઈડીનું તાજેતરનું નિવેદન કેસમાં નવો વળાંક લાવે છે.ઈડીએ ટ્રિબ્યુનલને જણાવ્યું હતું કે મેહુલ ચોક્સી ઘણી કંપનીઓના ડિરેક્ટર પણ હતા જે ફક્ત કાગળ પર અસ્તિત્વમાં હતી. આ કંપનીઓનો ઉપયોગ નકલી વ્યવહારો બતાવવા માટે કરવામાં આવતો હતો, પરંતુ કોઈ વાસ્તવિક વ્યવહારો નહોતા.એજન્સીનો દાવો છે કે આ શેલ કંપનીઓનો ઉપયોગ ગુનામાંથી મળેલી રકમને ધોળા કરવા અને ધોળા કરવા માટે કરવામાં આવતો હતો.આ કેસની તપાસમાં બહાર આવ્યું છે કે રોહન ચોક્સી લસ્ટર ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં ૯૯.૯૯% શેરહોલ્ડર છે, જેમાં મેહુલ ચોક્સી ડિરેક્ટર છે. ઈડીના જણાવ્યા અનુસાર, આ કંપની દ્વારા વિદેશમાં મની લોન્ડરિંગ કરવામાં આવ્યું હતું. એજન્સીએ જણાવ્યું હતું કે એશિયન ડાયમંડ એન્ડ જ્વેલરી એફએડઈ માંથી સિંગાપોર સ્થિત મર્લિન લક્ઝરી ગ્રુપ પ્રાઈવેટ લિમિટેડને યુએસ૧૨૭,૫૦૦ (આશરે ૮૧.૬ લાખ) ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.ઈડીનો દાવો છે કે આ રકમ સીધી ગુનાની આવક હતી. મર્લિન લક્ઝરી ગ્રુપ પણ મેહુલ ચોક્સીના નિયંત્રણ હેઠળ હતું અને લસ્ટર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંચાલિત હતું. ઈઢના જણાવ્યા અનુસાર, રોહન આ માળખામાં મોટો હિસ્સો ધરાવે છે, તેથી તે તેની સંપત્તિ જપ્ત થવાથી બચી શકતો નથી.ઈડીએ જણાવ્યું હતું કે રેકોર્ડ, વ્યવહારો અને તપાસ પરના દસ્તાવેજો સ્પષ્ટપણે દર્શાવે છે કે રોહન ચોક્સી તેના પિતા મેહુલ ચોક્સી સાથે મની લોન્ડરિંગમાં સક્રિય રીતે સામેલ હતો.

# જો સરકાર બનશે, બુલડોઝર કંપનીઓ પર પ્રતિબંધ મૂકીશું, સપાના રાષ્ટ્રીય સચિવ

• બલિયા,તા.૧૬

બુલડોઝર કાર્યવાહીને કારણે સમાજવાદી પાર્ટીમાં મોટો ખતરો છે. બલિયામાં, સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય સચિવ અવલેશ સિંહે બુલડોઝર કાર્યવાહી અંગે એક મોટું નિવેદન આપ્યું. પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે જો સમાજવાદી પાર્ટી ઉત્તર પ્રદેશમાં સરકાર બનાવે છે, તો તેઓ બુલડોઝર કાર્યવાહી પર પ્રતિબંધ મૂકશે. વધુમાં, તેઓ બુલડોઝર બનાવતી કંપનીઓની નોંધણી પર પણ પ્રતિબંધ મૂકશે. તેઓ બુલડોઝર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકશે.

ટીએમસી ઓફિસ પર ઈડીના દરોડાને લગતા વિવાદ અંગે, સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય સચિવ અવલેશ સિંહે જણાવ્યું હતું કે ઈડી સામે મમતા બેનર્જીનું વલણ બિલકુલ સાચું છે. તેમણે કહ્યું કે સમાજવાદી પાર્ટી મમતા બેનર્જીને ટેકો આપે છે.

અવલેશ સિંહે દેશની વિપક્ષી સરકારોના મુખ્યમંત્રીઓને પણ અપીલ કરી હતી કે દરેક વ્યક્તિએ મમતા બેનર્જી જેવું વલણ અપનાવવું જોઈએ અને ઈડી અને સીબીઆઈને તેમના રાજ્યોમાં પ્રવેશવા ન દેવો જોઈએ. તેમણે કહ્યું કે જો મમતા બેનર્જી આગામી બંગાળ ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીને બેઠકો આપશે, તો સમાજવાદી પાર્ટી બંગાળમાં પણ ચૂંટણી લડશે.

સપાના રાષ્ટ્રીય સચિવ અવલેશ સિંહે પણ મીડિયા સાથેની વાતચીત દરમિયાન બુલડોઝર કાર્યવાહી અંગે નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે જો સપા ૨૦૨૭ માં સરકાર બનાવશે, તો ઉત્તર પ્રદેશમાં બુલડોઝર કંપનીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે ખરીદી અને વેચાણ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે સુપ્રીમ કોર્ટે પણ બુલડોઝર કાર્યવાહી પર પ્રતિબંધ લાદ્યો છે, પરંતુ સરકાર તેનું પાલન કરી રહી નથી. અવલેશ સિંહે કહ્યું હતું કે જો એક ઘરમાં ૧૦ સભ્યો હોય અને તેમાંથી એક પણ ગુનો કરે અથવા આરોપી બને, તો આખા ઘરને બુલડોઝરથી તોડી પાડવામાં આવે છે. આ કેવો ન્યાય છે? અવલેશ સિંહે કહ્યું હતું કે બુલડોઝર કાર્યવાહી પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

### ઈડી અને રાંચી પોલીસ વચ્ચે ચાલી રહેલ વિવાદ ઝારખંડ હાઈકોર્ટ સુધી પહોંચ્યો

# ઈડી ઓફિસ પર પોલીસનો દરોડો પ્રથમ નજરે પૂર્વ આયોજિત હતો,ઝારખંડ હાઈકોર્ટ

• રાંચી,તા.૧૬

ઈડી અને રાંચી પોલીસ વચ્ચે ચાલી રહેલ વિવાદ હવે ઝારખંડ હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. શુક્રવારે હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન, કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ને રાહત આપી અને રાંચી પોલીસની તપાસને અસ્થાયી રૂપે અટકાવી દીધી.આ કેસની સુનાવણી જસ્ટિસ સંજય કુમાર દ્વિવેદીની આગેવાની હેઠળની ડિવિઝન બેન્ચ દ્વારા કરવામાં આવી હતી. કોર્ટે રાજ્ય સરકાર અને સંડોવાયેલા પક્ષો સામે કડક વલણ અપનાવતા કહ્યું કે તપાસના નામે કોઈપણ કેન્દ્રીય એજન્સીના કામકાજમાં અવરોધ ઊભો કરી શકાતો નથી. હાઈકોર્ટે સ્વીકાર્યું કે વર્તમાન પરિસ્થિતિઓમાં, ઈડી સામે પોલીસ કાર્યવાહી કેન્દ્રીય તપાસ એજન્સીના કામકાજને અસર કરી શકે છે, જે અસ્વીકાર્ય છે. તેના આધારે, રાંચી પોલીસ તપાસ પર વચગાળાનો સ્ટે મૂકવામાં આવ્યો હતો. આ આદેશ ઈડી અધિકારીઓને નોંધપાત્ર રાહત આપે છે જેમની સામે મની લોન્ડરિંગ કેસના આરોપી સંતોષ કુમારે નામાંકિત એફઆઈઆર દાખલ કરી હતી. હાઈકોર્ટે એ પણ નિર્દેશ આપ્યો હતો કે બીએસએફ હવે ઈડી અધિકારીઓની સુરક્ષા માટે જવાબદાર રહેશે. ખરેખર, ઈડીએ ઝારખંડ પોલીસ દ્વારા તેની રાંચી ઓફિસમાં કરવામાં આવેલી તપાસ અને દરોડાને પડકારતી રિટ અરજી હાઈકોર્ટમાં દાખલ કરી હતી. અરજીમાં, ઈડીએ સમગ્ર મામલાની સીબીઆઈ તપાસની માંગ કરી હતી. આ અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર વિવાદ પીએચઈડી કર્મચારી સંતોષ કુમાર દ્વારા દાખલ કરાયેલી એફઆઈઆરથી શરૂ થયો હતો. સંતોષે આરોપ લગાવ્યો હતો કે રાંચીમાં ઈડી ઓફિસમાં પૂછપરછ દરમિયાન તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો, દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને ત્રાસ આપવામાં આવ્યો હતો. આ ફરિયાદના આધારે, રાંચીના એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો, જેના પગલે પોલીસ ટીમ ઈડી ઓફિસ પહોંચી હતી.

### UPA સરકારના ૨ વધુ કાયદા બદલાશે

# મનરેગા પછી શિક્ષણ અને ખાદ્ય સુરક્ષા અધિકાર કાયદામાં સુધારાની તૈયારી શરૂ



• નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકાર મનરેગા પછી યુપીએ સરકારના સમયમાં બનેલા બે મોટા કાયદાઓ - શિક્ષણનો અધિકાર અને ખાદ્ય સુરક્ષા કાયદામાં સુધારો કરવાની તૈયારી કરી રહી છે. સરકાર ઈચ્છે છે કે આ યોજનાઓનો લાભ દરેક યોગ્ય વ્યક્તિ સુધી પહોંચે અને તમામ લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન થાય.

સરકાર પહેલા નિયમો અને આદેશોથી સુધારા કરવાનો પ્રયાસ કરશે. જો આનાથી વાત નહીં બને, તો સંસદમાં નવા કાયદા (બિલ) પણ લાવી શકાય છે. આ ઉપરાંત, સરકાર એ પણ વિચારી રહી છે કે લોકોને ઘર મેળવવાના અધિકારને કાનૂની અધિકાર બનાવવામાં આવે.

સલાહ પ્રક્રિયા સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું કે મનમોહન સિંહ સરકારના સમયમાં જે વિકાસ સંબંધિત અધિકારો બનાવવામાં આવ્યા હતા, તેમાં ૩ મોટી ખામીઓ હતી. તે કાયદાઓથી ન તો દરેક બાળકને યોગ્ય શિક્ષણ મળી શક્યું અને ન તો દરેક પરિવાર સુધી ખાદ્ય સુરક્ષા પહોંચી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો નિર્દેશ છે કે તમામ લાભાર્થીઓનું સંપૂર્ણ (૧૦૦%) રજીસ્ટ્રેશન થાય. યોજનાઓનો લાભ યોગ્ય લોકો સુધી સમયસર અને યોગ્ય રીતે પહોંચવો જોઈએ. સંસદના શિયાળુ સત્રમાં મનરેગાની જગ્યાએ લાવવામાં આવેલું VB-G Ram G બિલ પસાર થયુંહતું.

સરકારે આ યોજનાઓની તપાસ કરતાં જાણવા મળ્યું કે કોઈ વસ્તુને કાનૂની અધિકાર બનાવી દેવો અને તેને જમીન પર યોગ્ય રીતે લાગુ કરવું, બંને અલગ બાબતો છે. યોજનાઓને લાગુ કરવામાં જે ખામીઓ આવી રહી છે, તેના કારણે સરકારના ભરોસા પર સવાલો ઉઠવા લાગ્યા છે. શિક્ષણ, ખાદ્ય સુરક્ષા, રોજગાર, સ્વાસ્થ્ય અને આવાસ આ પાંચ જરૂરી ક્ષેત્રોને લઈને સરકાર હવે ત્રણ મહત્વપૂર્ણ બાબતોને સુનિશ્ચિત કરવા માંગે છે.

યોજનાની સંપૂર્ણ કવરેજ માટે સમય-સીમા સાથે લક્ષ્યો નક્કી થાય. આના પર અમલ ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા થાય. રીઅલ ટાઈમ મોનિટરિંગ થાય. દરેક ઓળખ સુનિશ્ચિત થાય. નોંધણી માટે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવો.

ભારતમાં ખાદ્ય સુરક્ષા કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને સુરક્ષિત, સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત ભોજન ઉપલબ્ધ કરાવવાનો છે.આ માટે ભારતમાં એક મુખ્ય કેન્દ્રીય કાયદો લાગુ છે. આ ભારતનો મુખ્ય ખાદ્ય કાયદો છે, જે અગાઉથી અસ્તિત્વમાં રહેલા ઘણા જૂના ખાદ્ય કાયદાઓને ભેગા કરીને બનાવવામાં આવ્યો હતો. આ કાયદા હેઠળFSSAI ની સ્થાપના કરવામાં આવી હતી. આ કાયદો ખેડૂત/ઉત્પાદક, પ્રોસેસિંગ યુનિટ, હોટેલ, ઢાબા, રેસ્ટોરન્ટ, જથ્થાબંધ-છૂટક વિક્રેતા, સ્ટ્રીટ ફૂડ વિક્રેતા અને ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ પર લાગુ પડે છે. જો કોઈ ખાદ્ય કાયદાનું ઉલ્લંઘન કરે છે, તો તેના પર દંડ (રૂા.૧૦ લાખ સુધી), લાઈસન્સ રદ, ગંભીર કિસ્સાઓમાં જેલ જેવી કાર્યવાહી થાય છે.ભારતમાં ૬ થી ૧૪ વર્ષ સુધીના દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો બંધારણીય અધિકાર છે. આ અધિકાર ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧Aહેઠળ આપવામાં આવ્યો છે. તે ૧ એપ્રિલ ૨૦૧૦ ના રોજ સમગ્ર દેશમાં લાગુ થયો હતો. આ કાયદો કોલેજ/યુનિવર્સિટી પર લાગુ પડતો નથી. ૧૪ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓનું શિક્ષણ આમાં શામેલ નથી.

સન્નાટો

FPIs/FIIની કેશમાં રૂ.૪૩૪૬ કરોડની ચોખ્ખી વેચવાલી, DIIની રૂ.૩૯૩૫ કરોડની ચોખ્ખી ખરીદી

# સેન્સેક્સનો 752 પોઈન્ટનો ઉછાળો અંતે 188 પોઈન્ટ નીવડી 83570

## નિફ્ટી સ્પોટ ૨૯ પોઈન્ટ વધીને ૨૫૬૯૪ : સ્મોલ કેપ શેરોમાં ધબડકો : ઉછાળે ફોરેન ફંડોનું હેમરિંગ

મુંબઈ : મહારાષ્ટ્રમાં વિવિધ મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપના નેતૃત્વમાં મહાયુતિને બહુમત મળ્યાના પોઝિટીવ પરિબળે અને કોર્પોરેટ પરિણામોની સીઝનમાં આઈટી કંપનીઓના પરિણામો ટીસીએસના એકંદર નબળા આવ્યા સામે ઈન્ફોસીસના અપેક્ષાથી સારા અને ગાઈડન્સ સુધારીને રજૂ કરાતાં તેમ જ વૈશ્વિક મોરચે ટ્રમ્પની આકરી નીતિ ઢીલી પડવાના સંકેતે આજે ફંડોએ ભારતીય શેર બજારોમાં આઈટી શેરોની આગેવાનીમાં ટ્રેડિંગની શરૂઆત તોફાની તેજીએ કરી હતી. આ સાથે ભારત-અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં ટ્રેડ ડિલ થવાના અહેવાલ વહેતાં થતાં અને ભારત અને યુરોપીય યુનિયન વચ્ચે ટ્રેડ ડિલ ૨૭, જાન્યુઆરી સુધીમાં થવાના નિવેદનની બજારમાં પોઝિટીવ અસર જોવાઈ હતી. લોકલ ફંડોની શેરોમાં મોટી ખરીદી સામે ઉછાળે ફોરેન ફંડોનું હેમરિંગ વધતું જોવાયું હતું.

આઈટી શેરો સાથે બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડો લેવાલ બનતાં અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના રિઝલ્ટ સાંજે જાહેર થતાં પૂર્વે બજારની ચાલ મજબૂત રહી હતી. સેન્સેક્સ આરંભમાં ૭૫૨.૨૬ પોઈન્ટની છલાંગે ઉપરમાં ૮૪૧૩૪.૯૭ સુધી પહોંચ્યો હતો. જે વધ્યામથાળેથી કેપિટલ ગુડઝ, કન્ઝયુમર ડયુરેબલ્સ, હેલ્થકેર, ઓટો શેરોમાં ઓફલોડિંગ થતાં ઉછાળો ધોવાતો જઈ સેન્સેક્સ નીચામાં ૮૩૪૫૬.૫૦ સુધી આવી અંતે ૧૮૭.૬૪ પોઈન્ટ વધીને ૮૪૫૭૦.૩૫ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ આરંભમાં ૨૫૮૭૩.૫૦ સુધી ઉછળીને પાછો ફરી નીચામાં ૨૫૬૬૨.૪૦ સુધી આવી અંતે ૨૮.૭૫ પોઈન્ટ વધીને ૨૫૬૯૪.૩૫ બંધ રહ્યો હતો. અલબત સ્મોલ કેપ શેરોમાં સતત કડાકો બોલાતો રહ્યો હતો.

ઈન્ફોસીસના ત્રિમાસિક પરિણામ અપેક્ષાથી સારા આવ્યા સાથે કંપનીએ પૂર્ણ વર્ષ ૨૦૨૬ માટે આવક વૃદ્ધિનો અંદાજ વધારીને મૂકતાં ફંડોએ આજે આઈટી શેરોમાં તોફાની તેજી કરી હતી. ઈન્ફોસીસ રૂ.૯૦.૩૫ ઉછળીને રૂ.૧૬૮૯.૪૦, ઓરેકલ ફિનસર્વ રૂ.૪૨૮.૬૦ ઉછળીને રૂ.૭૯૬૧.૪૦, ટેક મહિન્દ્રાના ત્રિમાસિક પરિણામમાં ચોખ્ખો નફો ૧૪ ટકા વધીને રૂ.૧૧૨૨ કરોડ થતાં શેર રૂ.૮૨.૦૫ વધીને રૂ.૧૬૭૦.૫૫, નેટવેબ રૂ.૧૬૨.૧૫ વધીને રૂ.૩૩૫૧.૦૫, એલટીઆઈ માઈન્ડટ્રી રૂ.૨૭૭.૯૦ વધીને કરૂ.૬૩૦૭.૭૫, હેક્ઝાવેર રૂ.૨૫.૪૦ વધીને રૂ.૭૩૮, કોફોર્જ રૂ.૫૦.૫૦ વધીને રૂ.૧૭૩૨.૨૦, એમ્ફેસીસ રૂ.૯૫.૮૦ વધીને રૂ.૨૮૮૬.૮૦, બિરલા સોફ્ટ રૂ.૧૪.૩૦ વધીને રૂ.૪૩૩.૧૦, વિપ્રોના અપેક્ષાથી સારા પરિણામે શેર રૂ.૭.૧૦ વધીને રૂ.૨૬૭.૨૫, એચસીએલ ટેકનોલોજી રૂ.૩૦.૩૦ વધીને રૂ.૧૬૯૮.૯૦, પર્સિસ્ટન્ટ રૂ.૧૩૨.૬૦ વધીને રૂ.૬૪૦૩.૧૦, ટાટાએલેક્સી રૂ.૧૧૦.૫૦ વધીને રૂ.૫૬૧૨.૪૦ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૧૨૪૦.૧૦ પોઈન્ટ ઉછળીને ૩૭૭૭૪.૦૩ બંધ રહ્યો હતો.

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં આજે ફંડોએ બેંકોના અપેક્ષાથી સારા પરિણામ અને એનપીએમાં ઘટાડાના આકર્ષણે ફરી તેજી કરી હતી. ફેડરલ બેંકના ત્રિમાસિક પરિણામ પાછળ શેર રૂ.૨૩.૪૫ ઉછળીને રૂ.૨૭૦.૩૫ રહ્યો હતો. એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક રૂ.૪૮.૮૦ વધીને રૂ.૧૦૨૫.૧૫, પીએનબી રૂ.૩.૬૫ વધીને રૂ.૧૩૨.૩૫, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૪ વધીને રૂ.૧૦૪૨.૩૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૭૮૦.૬૦ પોઈન્ટ ઉછળીને ૬૭૯૬૪.૪૮ બંધ રહ્યો હતો.

કેપિટલ ગુડઝ-પાવર શેરોમાં ફંડોએ આજે મોટું ઓફલોડિંગ કર્યું હતું. જીવી વર્નોવા ટી એન્ડ ડી ઈન્ડિયા રૂ.૧૭૫.૪૦ તૂટીને રૂ.૨૬૨૧.૨૫, પાવર ઈન્ડિયા રૂ.૭૩૨.૨૦ તૂટીને રૂ.૧૬,૨૨૫.૩૫, સીજી પાવર રૂ.૧૫.૧૦ ઘટીને રૂ.૫૬૧.૮૫, પોલીકેબ રૂ.૧૯૦.૨૦ તૂટીને રૂ.૭૧૩૦.૯૫, એલજી ઈક્વિપમેન્ટ રૂ.૮.૯૦ ઘટીને રૂ.૪૩૦.૫૫, સિમેન્સ રૂ.૫૧.૮૫ ઘટીને રૂ.૨૯૨૦.૮૫, ટીમકેન રૂ.૫૩.૦૫ ઘટીને રૂ.૨૯૯૭.૮૫, એબીબી ઈન્ડિયા રૂ.૬૫.૪૦ ઘટીને રૂ.૪૮૬૭.૧૫, મઝગાંવ રૂ.૨૪.૨૫ ઘટીને રૂ.૨૪૪૬.૮૫ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૭૯૩.૯૧ પોઈન્ટ તૂટીને ૬૩૯૫૨.૪૫ બંધ રહ્યો હતો.

કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં પણ આજે ફરી મોટું ધોવાણ થયું હતું. ડિક્સન ટેકનોલોજી રૂ.૩૬૮.૨૦ તૂટીને રૂ.૧૦,૭૩૨.૬૦, કલ્યાણ જ્વેલર્સ રૂ.૧૩.૧૫ ઘટીને રૂ.૪૬૭.૫૦, એશીયન પેઈન્ટ રૂ.૫૮.૪૫ તૂટીને રૂ.૨૭૫૬.૯૦, વોલ્ટાસ રૂ.૨૮.૬૦ ઘટીને રૂ.૧૪૧૦.૯૫, ક્રોમ્પ્ટન રૂ.૩.૫૫ ઘટીને રૂ.૨૫૧.૧૦, ટાઈટન રૂ.૨૪.૧૦ ઘટીને રૂ.૪૧૯૬.૯૦ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૮૩૨.૦૬ પોઈન્ટ તૂટીને ૬૦૦૨૨.૧૩ બંધ રહ્યો હતો.

ઓઈલ-ગેસ શેરોમાં આજે પસંદગીની ખરીદી રહી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના રિઝલ્ટ જાહેર થતાં પૂર્વે અને વૈશ્વિક મોરચે ક્રુડ ઓઈલનો પુરવઠો સુનિશ્ચિત કરવા ઓપેક દેશો ઉત્પાદન વધારે એવી શકયતાએ ભાવો વધ્યામથાળેથી ઘટી આવતાં શેરોમાં સિલેક્ટિવ મજબૂતી રહી હતી. એચપીસીએલ રૂ.૧૭.૮૫ વધીને રૂ.૪૫૭.૮૦, બીપીસીએલ રૂ.૬.૧૦ વધીને રૂ.૩૬૩.૧૫, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન રૂ.૨.૨૫ વધીને રૂ.૧૬૧.૩૦ રહ્યા હતા. બીએસઈ ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૧૧૯.૮૩ પોઈન્ટ વધીને ૨૭૭૫૧.૮૨ બંધ રહ્યો હતો.

હેલ્થકેર-ફાર્મા શેરોમાં આજે ફંડોએ વેચવાલી કરતાં નબળાઈ જોવાઈ હતી. થેમીસ મેડી રૂ.૪.૦૫ તૂટીને રૂ.૯૧.૮૫, ગુજરાત થેમીસ રૂ.૧૪.૭૦ ઘટીને રૂ.૩૫૭.૦૫, નાટકો ફાર્મા રૂ.૩૧.૯૦ ઘટીને રૂ.૮૬૦, કોહાન્સ રૂ.૧૫.૮૦ ઘટીને રૂ.૪૨૫.૬૫, સાંઈ લાઈફ રૂ.૩૨.૨૫ ઘટીને રૂ.૮૭૨.૬૦, મેનકાઈન્ડ રૂ.૬૭.૭૫ ઘટીને રૂ.૨૧૭૬.૧૫, ગ્રેન્યુઅલ ઈન્ડિયા રૂ.૧૭.૮૦ ઘટીને રૂ.૫૮૧.૬૦ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૫૦૫.૦૩ પોઈન્ટ ઘટીને ૪૨૮૫૭.૬૩ બંધ રહ્યો હતો. મેટલ-માઈનીંગ શેરોમાં છેલ્લા કેટલાક દિવસોથી ફંડોએ ચાંદી સહિતના ભાવોમાં ઉછાળા અને નોન-ફેરસ મેટલના ભાવોમાં મજબૂતી પાછળ કરેલી તેજીને આજે બ્રેક લગાવી હતી. નાલ્કો રૂ.૧૧.૯૦ તૂટીને રૂ.૩૬૧.૫૦, હિન્દુસ્તાન ઝિંક રૂ.૧૭.૦૫ ઘટીને રૂ.૬૩૭.૩૫, હિન્દાલ્કો રૂ.૨૦.૭૦ ઘટીને રૂ.૯૩૪.૭૦, સેઈલ રૂ.૩.૧૫ ઘટીને રૂ.૧૪૯.૨૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૧૯૬.૪૧ પોઈન્ટ ઘટીને ૩૮૨૬૨.૯૪ બંધ રહ્યો હતો.

ઓટોમોબાઈલ શેરોમાં પણ ફંડોની આજે વેચવાલી રહી હતી. ફંડો નવી ખરીદીથી દૂર રહી હળવા થયા હતા. અપોલો ટાયર રૂ.૧૮.૯૫ ઘટીને રૂ.૫૦૯, એમઆરએફ રૂ.૨૭૭૮.૫૫ તૂટીને રૂ.૧,૪૨,૮૭૧.૧૦, મારૂતી સુઝુકી રૂ.૨૮૭.૫૦ ઘટીને રૂ.૧૫,૮૫૬.૫૫, બોશ રૂ.૬૧૪.૫૫ ઘટીને રૂ.૩૬,૮૩૩.૨૦, બજાજ ઓટો રૂ.૯૬.૩૦ ઘટીને રૂ.૯૪૮૦.૩૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૨૭૨.૯૨ પોઈન્ટ ઘટીને ૬૧૩૧૩.૩૨ બંધ રહ્યો હતો. સેન્સેક્સ, નિફ્ટી બેઝડ આજે આરંભિક ઝડપી તેજી બાદ ઉછાળે સાવચેતીમાં વેચવાલીનું દબાણ વધ્યા સાથે સ્મોલ કેપ શેરોમાં અસાધારણ કડાકો બોલાયા સાથે દરેક ઘટયા ભાવોએ શેરોમાં વેચવાલીનું દબાણ વધતાં માર્કેટબ્રેડથ અત્યંત ખરાબ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૩૯૭ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૧૮૪૯ અને ઘટનારની ૨૩૯૫ રહી હતી.

બીજા પગલાં લેવાય તેવી શકયતા જોવાઈ રહી છે

# ચીન ખાતેથી આયાત વધતી અટકાવવા ભારત વધુ અંકૂશાત્મક પગલાં હાથ ધરશે

અપેક્ષા

## છેલ્લા કેટલાક વર્ષોમાં ચીનથી એશિયાના દેશોમાં નિકાસમાં જોવાતો વધારો




મુંબઈ : ભારત સહિત એશિયાની ઊભરતી બજારોમાં ચીનની વધી રહેલી નિકાસ સામે પ્રતિકાર ઊભો થવાની શકયતા જોવાઈ રહી છે. ચીન ખાતેથી આયાત કરતા દેશોમાં ઘરઆંગણેના તથા આંતરરાષ્ટ્રીય સ્તરેથી ચીનના માલસામાન સામે વિરોધ ઉઠી રહ્યો છે એમ એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સના એક રિપોર્ટમાં જણાવાયું હતું.

છેલ્લા કેટલાક વર્ષોમાં ચીન ખાતેથી એશિયાના દેશોમાં નિકાસ વધી રહી છે, જેને કારણે આયાતકાર દેશોની ઘરઆંગણેની બજારોને અને વૈશ્વિક આર્થિક સ્થિતિ પર પણ અસર પડે છે.

ચીન ખાતેથી વધી રહેલી આયાતને ધ્યાનમાં રાખી ભારત આયાત અટકાવવા વધુ અંકૂશાત્મક પગલાં લેશે તેવી શકયતા જોવાઈ રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે ૨૦૨૫માં ચીન ખાતે ભારતની નિકાસ ૫.૫૦ અબજ ડોલર વધી ૧૯.૭૫ અબજ ડોલર રહી હતી. જ્યારે ચીન ખાતેથી ભારતમાં નિકાસ ૧૨.૮૦ ટકા વધી ગયા વર્ષે ૧૩૫.૮૭ અબજ ડોલર રહી હતી જેને પરિણામે ભારતની ચીન સાથેની વેપાર ખાધ વધી ૧૧૬.૧૨ અબજ ડોલર પહોંચી ગઈ હતી. એસએન્ડપીના રિપોર્ટ પ્રમાણે, એશિયાના કેટલાક દેશો ચીનના માલને અમેરિકા સહીત અન્ય દેશોમાં રિ-એકસપોર્ટ કરે છે.

કેટલાક દેશોમાં સ્થાનિક કંપનીઓએ ચીનના સસ્તા માલ સામે સ્પર્ધા કરવી પડે છે. ભારતની વાત કરીએ તો, ચીન ખાતેથી વધી રહેલી આયાતને કારણે ઘરઆંગણેની મેન્યુફેકચરિંગ કંપનીઓ દબાણ હેઠળ આવી જાય છે અને તેને કારણે તેમણે વધુ સંરક્ષણાત્મક પગલાં લેવા પડે છે, એમ પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ચીન ખાતેથી આયાત ઘટાડવા ભારત એન્ટી ડમ્પિંગ ડયૂટી સહિત વિવિધ પગલાં હાથ ધરી રહ્યું છે, જેમાં બીજા પગલાં લેવાય તેવી શકયતા જોવાઈ રહી છે.

# ચાંદીએ ફરી તમામ રેકોર્ડ તોડ્યા! આજે ફરી જોરદાર વધારો, સોનું થયું સસ્તું

## સોનાની કિંમતમાં ત્રણ દિવસની તેજી બાદ વિરામ

• નવી દિલ્હી




આજે 16 જાન્યુઆરીના રોજ ચાંદીની કિંમતમાં સતત ચોથા દિવસે ઉછાળો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, ચાંદીની કિંમતમાં શરૂઆતમાં રૂ.5,208નો વધારો થતા તે રૂ.2,82,720 પ્રતિ કિલોના ઓલ-ટાઈમ હાઈ લેવલ પર પહોંચી ગઈ હતી. પરંતુ બજાર બંધ થતા સમયે સામાન્ય ઘટાડા સાથે 2,81,890 પ્રતિ કિલોના ભાવ નોંધાયા હતા. અગાઉ 14 જાન્યુઆરીએ ચાંદીની કિંમત રૂ.2,77,512 હતી. નોંધનીય છે કે માત્ર ચાર દિવસમાં ચાંદી રૂ.40,000 જેટલી મોંઘી થઈ છે.

બીજી તરફ, સોનાની કિંમતમાં સતત ત્રણ દિવસની તેજી પછી આજે ઘટાડો નોંધાયો છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ (10 ગ્રામ) આજે રૂ.298 ઘટીને રૂ.1,41,717 પર ખુલ્યો હતો. અગાઉ 14 જાન્યુઆરીએ સોનાએ રૂ.1,42,015નો સર્વોચ્ચ (All-time high) સ્તર બનાવ્યો હતો.

IBJA દ્વારા જાહેર કરવામાં આવતા ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ કે જ્વેલર્સના પ્રોફિટ માર્જિનનો સમાવેશ હોતો નથી, તેથી અલગ-અલગ શહેરોમાં સોનાના ભાવ અલગ હોઈ શકે છે. જોકે, IBJAના રેટ્સનો ઉપયોગ RBI દ્વારા 'સોવરેન ગોલ્ડ બોન્ડ' (SGB) ની કિંમત નક્કી કરવા માટે થાય છે. આ ઉપરાંત, અનેક બેંકો ગોલ્ડ લોન આપતી વખતે પણ આ કિંમતોને જ આધાર માને છે.

સોનું: 31 ડિસેમ્બર 2024ના રોજ 24 કેરેટ સોનાનો ભાવ રૂ.76,162 હતો, જે 31 ડિસેમ્બર 2025 સુધીમાં રૂ.57,033 વધીને રૂ.1,33,195 પર પહોંચ્યો હતો.

ચાંદી: આ ગાળા દરમિયાન ચાંદીમાં રૂ.1,44,403નો તોતિંગ વધારો થયો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત રૂ.86,017 હતી, જે વર્ષ 2025ના અંતિમ દિવસે રૂ.2,30,420 પ્રતિ કિલો થઈ ગઈ હતી.

## રાશીફળ (તા.17-01-2026)

- **મેષ** (અ.લ.ઈ) આજનો દિવસ થોડો ઉતાર-ચઢાવ ભરેલો રહી શકે છે. ધૈર્ય રાખો અને વિચારીને નિર્ણય લો. કાર્યક્ષેત્રમાં સાવધાની જરૂરી છે
- **વૃષભ** (બ.વ.ઉ) ધનલાભના યોગ બની રહ્યા છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે. અટકેલા કામ પૂર્ણ થઈ શકે છે
- **મિથુન** (ક.છ.ઘ) નવી યોજનાઓ પર કામ શરૂ કરવા માટે સારો દિવસ છે. મિત્રોનો સહયોગ મળશે. મુસાફરીના યોગ છે
- **કર્ક** (ડ.હ) ભાવનાઓ પર નિયંત્રણ રાખો. પરિવાર સાથે સમય પસાર કરવાથી મન પ્રસન્ન રહેશે. આરોગ્યનું ધ્યાન રાખો
- **સિંહ** (મ.ટ) માન-સન્માનમાં વધારો થશે. નેતૃત્વ ક્ષમતા નીખરશે. અધિકારીઓનો સહયોગ મળશે
- **કન્યા** (પ.ઠ.ણ) કાર્યમાં વ્યસ્તતા રહેશે. મહેનતનું ફળ મળશે. ખર્ચ પર નિયંત્રણ રાખો
- **તુલા** (ર.ત) જીવનસાથીનો સહયોગ મળશે. સામાજિક કાર્યોમાં ભાગીદારી વધશે. મન પ્રસન્ન રહેશે
- **વૃશ્ચિક** (ન.ય) ગુપ્ત શત્રુઓથી સાવધાન રહો. નિર્ણયો વિચારીને લો. ધૈર્યથી કામ લો
- **ધન** (ભ.ધ.ફ.ઢ) ભાગ્યનો સાથ મળશે. શિક્ષણ અને કારકિર્દી સંબંધિત બાબતોમાં સફળતા મળશે. શુભ સમાચાર મળી શકે છે
- **મકર** (ખ.જ) કામકાજમાં જવાબદારીઓ વધી શકે છે. પરિશ્રમથી સફળતા મળશે. આરોગ્યનું ધ્યાન રાખો
- **કુંભ** (ગ.શ.સ.ષ) નવા અવસર મળી શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે. મિત્રો તરફથી લાભ મળશે
- **મીન** (દ.ચ.ઝ.થ) મન આધ્યાત્મિકતા તરફ વળશે. માનસિક શાંતિ મળશે. પરિવાર સાથે મધુર સંબંધો રહેશે

સ્માર્ટ મીટર બાબતે અજાણ હોવાનો જવાબ મળ્યો હોવાનો વેપારીઓનો દાવો

# જેતપુરમાં વેપારીઓની સંમતિ વિના સ્માર્ટ મીટર લગાવાયાનો આક્ષેપ : ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આવેદનપત્ર અપાયું

## હાલ જુના મીટર ફરીથી લગાવવું શક્ય નથી, સાથે જ વેપારીઓને સંતોષ મળે તે માટે સ્માર્ટ મીટરની બાજુમાં ચેક મીટર મૂકીને બિલમાં વધારા અંગે સરખામણી કરી શકાય તેવા પ્રયાસો કરવામાં આવશે


• સુરેશ ભાલીયા જેતપુર,



જેતપુરના નવાગઢ ચોકડી પાસે આવેલા ટેક્સટાઈલ માર્કેટમાં સ્માર્ટ મીટરને લઈને વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, PGVCL દ્વારા વેપારીઓની કોઈપણ પ્રકારની પૂર્વ જાણ કે સંમતિ વિના રાતોરાત સ્માર્ટ મીટર લગાવી દેવામાં આવતા વિવાદ ઊભો થયો છે, આ મુદ્દે જેતપુર ચેમ્બર ઓફ કોમર્સને સાથે રાખી વેપારીઓએ PGVCLને આવેદનપત્ર આપી પોતાની રજૂઆત કરી છે, જેતપુરના નવાગઢ ચોકડી પાસે આવેલા ટેક્સટાઈલ માર્કેટમાં અંદાજે 300 જેટલી દુકાનો આવેલી છે, જેમાંથી PGVCL દ્વારા આશરે 30 થી વધુ દુકાનોમાં રાતોરાત સ્માર્ટ મીટર લગાવી દેવામાં આવ્યા છે, વેપારીઓને કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના અને તેમની સંમતિ લીધા વગર જૂના મીટર કાઢી નવા સ્માર્ટ મીટર લગાવી દેવાયા છે, ચાર માળના કોમ્પ્લેક્સમાં તમામ દુકાનોના મીટર નીચે એક જ જગ્યાએ હોવાથી વેપારીઓને સમયસર જાણ પણ થઈ નહોતી, વેપારીઓનો આક્ષેપ છે કે સ્માર્ટ મીટર લગાવ્યા બાદ વીજ બિલમાં અચાનક ભારે વધારો થયો છે, આથી વેપારીઓ દ્વારા જુના મીટર ફરીથી લગાવી આપવા માગ ઉઠાવવામાં આવી છે, ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓએ આક્ષેપ કર્યો છે કે સંમતિ વગર મીટર લગાવવાની સાથે જૂના મીટર જે લઈ જવામાં આવ્યા તેની પણ કોઈ જાણ કરવામાં આવી નથી, જો જુના મીટરમાં કોઈ પ્રકારની ખામી કે દંડ લાગશે તો તેની જવાબદારી કોની રહેશે તેવો સવાલ પણ વેપારીઓએ ઉઠાવ્યો છે, વેપારીઓનો દાવો છે કે લગભગ 15 દિવસ બાદ તેમને ખબર પડી કે સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે, જ્યારે આ બાબતે PGVCLમાં સંપર્ક કરતા ત્યાંથી પણ સ્માર્ટ મીટર બાબતે અજાણ હોવાનો જવાબ મળ્યો હોવાનો વેપારીઓનો દાવો છે, વધુમાં કેટલાક વેપારીઓએ આક્ષેપ કર્યો છે કે સ્માર્ટ મીટર ન લગાવીએ તો વીજ કનેક્શન રદ કરી દેવાની ધમકી આપી મીટર લગાવવામાં આવ્યા હતા,

ટેક્સટાઈલ માર્કેટમાં સ્માર્ટ મીટર મુદ્દે જેતપુર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.ડી. પટેલે જણાવ્યું હતું કે, વેપારીઓ તરફથી મોટી સંખ્યામાં ફરિયાદો મળ્યા બાદ PGVCLમાં વેપારીઓની સાથે સંયુક્ત રજૂઆત કરવામાં આવી છે, વેપારીઓની જાણ કે સંમતિ વિના રાતોરાત લગાવવામાં આવેલા સ્માર્ટ મીટર દૂર કરી ફરીથી જુના મીટર લગાવવા અંગે આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ છે, તેમનું કહેવું છે કે સ્માર્ટ મીટર ફરજિયાત ન હોવા છતાં વેપારીઓ પર બળજબરીથી લગાવવામાં આવ્યા છે, સ્માર્ટ મીટર બાબતે PGVCLના કાર્યપાલક ઈજનેર સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ટેક્સટાઈલ માર્કેટમાં વેપારીઓની સંમતિ વિના સ્માર્ટ મીટર લગાવવાની ફરિયાદ મળતાં સંબંધીત કોન્ટ્રાક્ટરને નોટિસ આપીને જરૂરી પગલાં ભરવામાં આવશે, જોકે તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે હાલ જુના મીટર ફરીથી લગાવવું શક્ય નથી, સાથે જ વેપારીઓને સંતોષ મળે તે માટે સ્માર્ટ મીટરની બાજુમાં ચેક મીટર મૂકીને બિલમાં વધારા અંગે સરખામણી કરી શકાય તેવા પ્રયાસો કરવામાં આવશે, જોકે અધિકારીના નિવેદન પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે સ્માર્ટ મીટર હટાવવાની કોઈ શક્યતા હાલ દેખાતી નથી,

મહત્વની વાત એ છે કે સ્માર્ટ મીટર ફરજિયાત નથી, છતાં વેપારીઓની જાણ અને સંમતિ વિના મીટર લગાવવામાં આવતા PGVCL સામે અનેક સવાલો ઊભા થયા છે, હવે વેપારીઓ દ્વારા કરવામાં આવેલી જુના મીટર ફરી લગાવવાની માંગ સામે PGVCL શું પગલાં લે છે તે જોવું મહત્વનું રહેશે,



ઠગ લાખો રૂપિયા સેરવી ગયો

# એક્ટર દિપક તિજોરી સાથે ફિલ્મ ફંડિંગના નામે છેતરપિંડી થઈ !

બોલિવૂડના જાણીતા અભિનેતા અને ફિલ્મ નિર્માતા દીપક તિજોરી છેતરપિંડીનો શિકાર બન્યા છે. તેમની આગામી ફિલ્મ પ્રોજેક્ટ માટે ફંડિંગની વ્યવસ્થા કરી આપવાના બહાને ત્રણ શખસોએ તેની પાસેથી ૫ લાખ રૂપિયા પડાવી લીધા હોવાની ફરિયાદ મુંબઈના બાંગુરનગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.અહેવાલો અનુસાર, દીપક તિજોરી હાલમાં તેમની ચર્ચિત ફિલ્મ સીરીઝની સિક્વલ 'ટોમ, ડિક એન્ડ હેરી ૨' પર કામ કરી રહ્યા છે. આ ફિલ્મ માટે રોકાણકારો મેળવવાના પ્રયાસો દરમિયાન તે ઠગ ટોળકીના સંપર્કમાં આવ્યા હતા. એક મિત્ર મારફતે દીપક તિજોરીનો પરિચય કવિતા શિબાગ કૂપર સાથે થયો હતો, જેણે પોતે ટી-સિરીઝ જેવી મોટી કંપની સાથે સંકળાયેલી હોવાનો દાવો કર્યો હતો. કવિતાએ દીપકને ફૌઝિયા આર્શી નામની મહિલા સાથે મેળવ્યા હતા. ફૌઝિયાએ દાવો કર્યો હતો કે તેના ઝી નેટવર્ક અને મીડિયા ઈન્ડસ્ટ્રીમાં મજબૂત સંબંધો છે અને તે ફિલ્મ માટે 'લેટર ઓફ ઈન્ટરેસ્ટ' અપાવી શકે છે. આ લેટર મેળવવાના નામે ફૌઝિયાએ ૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી. દીપક તિજોરીએ વિશ્વાસ રાખીને બે હપ્તામાં આ પૈસા ટ્રાન્સફર કર્યા હતા.અભિનેતા દીપક તિજોરીનો વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ ઝી નેટવર્કના અધિકારી 'જોશી' હોવાનો ડોળ કરીને એક વ્યક્તિ સાથે ફોન પર વાત પણ કરાવી હતી. કરાર કર્યા બાદ અને નાણાં મેળવ્યા બાદ આરોપીઓએ દસ્તાવેજો આપવાનું ટાળ્યું હતું અને દીપકના ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. જ્યારે દીપક તિજોરીએ પોતે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે ઝી નેટવર્કમાં 'જોશી' નામનો કોઈ અધિકારી જ નથી અને કવિતાએ ટી-સિરીઝમાંથી પહેલેથી રાજીનામું આપી દીધું હતું.આ મામલે દીપક તિજોરીની ફરિયાદના આધારે બાંગુરનગર પોલીસે કવિતા કૂપર, ફૌઝિયા આર્શી અને અન્ય એક અજાણી વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે જણાવ્યું છે કે ટૂંક સમયમાં ત્રણેય આરોપીઓની પૂછપરછ કરવામાં આવશે અને કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

# અલ્લુ અર્જુન 'પુષ્પા ૨ : ધ રૂલ'નો ડાયલોગ જાપાનીઝ ભાષામાં રજૂ કરે છે



અલ્લુ અર્જુન હાલમાં જાપાનના ટોક્યોમાં છે, જ્યાં તેની સુપરહિટ ફિલ્મ 'પુષ્પા ૨: ધ રૂલ'નું પ્રીમિયર થયું હતું. પ્રીમિયર દરમિયાન, અલ્લુ અર્જુને જાપાનીઝ ભાષામાં ફિલ્મના સંવાદ બોલીને જાપાનના લોકોનું દિલ જીતી લીધું. અલ્લુ અર્જુનનો આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.અર્જુન આ અઠવાડિયાની શરૂઆતમાં ટોક્યોમાં ફિલ્મના પ્રમોશન માટે પહોંચ્યો હતો, જે જાપાનમાં ''પુષ્પા કુનરીન'' તરીકે રિલીઝ થઈ રહી છે. અલ્લુ અર્જુન ઉપરાંત, ફિલ્મની મુખ્ય અભિનેત્રી, રશ્મિકા મંદન્ના પણ જાપાનમાં આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. વીડિયોમાં ખીચોખીચ ભરેલું થિયેટર દેખાય છે. પ્રીમિયર દરમિયાન, અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના સ્ટેજ પર હાજર છે. દરમિયાન, અલ્લુ અર્જુન જાપાનીઝ ભાષામાં ફિલ્મનો સંવાદ બોલે છે, જે ત્યાં હાજર ચાહકોને ઉત્સાહિત કરે છે. તેઓ તાળીઓ પાડે છે અને સીટી વગાડે છે.રશ્મિકા મંદન્ના અને અલ્લુ અર્જુનના વધુ ફોટા પણ ઈવેન્ટમાંથી સામે આવ્યા છે. ફોટામાં, અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદન્ના સ્ટેજ પર ઉભા જોવા મળે છે, ખૂબ ખુશ દેખાઈ રહ્યા છે. વધુમાં, એક ફોટામાં, બંને કલાકારો ફિલ્મનું સિગ્નેચર સ્ટેપ કરતા જોવા મળે છે.

ફિલ્મ ૧૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે

# અક્ષય ખન્ના રહેમાન ડકૈતના પાત્રમાં ફિલ્મ 'ધુરંધર ૨' ફરી ધૂમ મચાવશે

અક્ષય ખન્નાનું રહેમાન ડકૈતનું અવિસ્મરણીય પાત્ર 'ધુરંધર ૨' માં ફરી એકવાર ધૂમ મચાવી રહ્યું છે, જે આદિત્ય ધરના બોક્સ ઓફિસ સેન્સેશનની સિક્વલ છે. જોકે તેના પાત્રનો પ્રથમ હપ્તામાં દુ:ખદ અંત આવ્યો હોય તેવું લાગતું હતું, ફિલ્મ નિર્માતાઓ તેને ફરીથી જોઈ શકાય તે માટે નવીન ફ્લેશબેક અને રિશૂટ બનાવી રહ્યા છે. આદિત્ય ધરની 'ધુરંધર' ફિલ્મે બોક્સ ઓફિસ પર રેકોર્ડબ્રેક સફળતા મેળવી છે. દરેક અભિનયને દર્શકો તરફથી પ્રશંસા મળી, પરંતુ અક્ષય ખન્નાના રહેમાન ડકૈતના પાત્રને ભારે પ્રેમ મળ્યો છે. ફિલ્મમાં ફિલપેરાચીના ગીત પર તેનો કેઝ્યુઅલ ડાન્સ સ્ટેપ ઈન્ટરનેટ પર વાયરલ થયો. અને હવે, ચર્ચાને ધ્યાનમાં



રાખીને, નિર્માતાઓ આ પાત્રને બીજા ભાગમાં પણ લાવવાની તૈયારીમાં છે. અહેવાલ મુજબ, નિર્માતાઓએ 'ધુરંધર ૨' નું શૂટિંગ પહેલાથી જ કરી લીધું છે, અને હવે તેઓ કેટલાક પસંદગીના દ્રશ્યો ફરીથી શૂટ કરવાની યોજના બનાવી રહ્યા છે. અહેવાલ મુજબ, ફિલ્માંકન આ મહિનાના અંતમાં શરૂ થશે. આ પ્રક્રિયામાં આદિત્ય ધર વ્યક્તિગત રીતે સામેલ છે. રિશૂટમાં અક્ષય ખન્ના સિક્વન્સનો સમાવેશ થાય છે.રહેમાન ડકૈતનું પાત્ર પ્રથમ ભાગમાં મૃત્યુ પામે છે. અને જો બધું જ જગ્યાએ પડે, તો અહેવાલો અનુસાર, પ્રેક્ષકો તેને ભાગ ૨ માં ફરી એકવાર મોટા પડદા પર જોઈ શકશે. તે જોવું રસપ્રદ રહેશે કે ધર ફિલ્મમાં ડકૈતના પાત્રને ફરીથી કેવી રીતે સમાવશે. આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ જ્યાંથી પહેલો ભાગ સમાપ્ત થયો હતો ત્યાંથી આગળ વધશે. અહેવાલ મુજબ, તેમાં રહેમાન દકૈતના મૃત્યુ પછી પાકિસ્તાનના લ્યારી ટાઉનના આતંકવાદી જૂથમાં રણવીર સિંહના પાત્ર, હમઝાનો ઉદય દર્શાવવામાં આવશે. આ ફિલ્મ ૧૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

# "રોલ નાનો કે મોટો નથી, આ ફિલ્મનો ભાગ બનવું જ મહત્વનું હતું": આન્યા સિંહ





પોતાની પહેલાની ફિલ્મ ધ બેડ્સ ઓફ બોલીવુડથી ઓળખ બનાવનાર આન્યા સિંહ હવે દેશભક્તિથી ભરપૂર ફિલ્મ બોર્ડર ૨માં નજર આવવાની છે. આન્યા માટે આ ફિલ્મ માત્ર એક ફિલ્મ નથી, પરંતુ ગર્વ અને લાગણીઓ સાથે જોડાયેલો ખાસ અનુભવ છે. તેનું કારણ છે તેમનો દાદા અને ભારતીય સેના સાથેનો ગાઢ સંબંધ.

આન્યા સિંહે જણાવ્યું કે તેમણે આ ફિલ્મ માટે તરત જ હા કેમ કહી. તેમના દાદા ભારતીય સેનામાં રહ્યા હતા અને તેઓ આન્યા માટે સૌથી મોટા પ્રેરણાસ્ત્રોત છે. બોર્ડર ૨ તેમને પોતાના દાદા અને દેશને સન્માન આપવાની તક લાગી.

આન્યા કહે છે કે આ અનુભવ ભાવુક પણ હતો અને ખૂબ જ ખાસ પણ. બહુ ઓછા વખત એવું બને છે કે તમે દેશ માટે સેવા કરનાર લોકોને કંઈક પાછું આપી શકો. દરેક સૈનિક બહાદુર અને સન્માનનો હકદાર હોય છે, અને આ ફિલ્મનો ભાગ બનીને તેમને એવું લાગ્યું કે તેઓ પોતાના દાદા અને સેનાને શ્રદ્ધાંજલિ આપી રહી છે.તેમણે આ પણ કહ્યું કે જ્યારે તેમને જણાવવામાં આવ્યું કે તેમનો રોલ નાનો છે, ત્યારે તેમને કોઈ ફરક પડ્યો નહીં. તેમના માટે રોલ નાનો કે મોટો નથી, બસ આ ફિલ્મનો ભાગ બનવું જ સૌથી મોટી વાત હતી.

આન્યાએ શેર કર્યું કે તેમના દાદાએ ૧૯૭૧ની જંગમાં ભાગ લીધો હતો, અને બોર્ડર ૨ પણ એ જ યુદ્ધ પર આધારિત છે. એટલે આ ફિલ્મ સાથે તેમનો સંબંધ વધુ વ્યક્તિગત બની જાય છે.

ફિલ્મની જાહેરાત થતાં જ તેમણે નક્કી કરી લીધું હતું કે તેઓ આ ફિલ્મ જરૂર કરશે. બાળપણથી જ તેઓ સેનાની વાર્તાઓ સાંભળતી આવી છે અને દેશ માટે સેવા કરનાર લોકોને સન્માન આપવાની ઈચ્છા રાખે છે.

આન્યા માટે બોર્ડર ૨માં કામ કરવું દેશ માટે સેવા કરનાર દરેક વ્યક્તિને શ્રદ્ધાંજલિ આપવા જેવું છે. આ ફિલ્મનો નાનો ભાગ બનવો પણ તેમના માટે ખૂબ મોટી વાત છે.

બોર્ડર ૨માં આન્યા સિંહ આહાન શેટ્ટી સાથે જોવા મળશે. ફિલ્મમાં સની દેઓલ, વરુણ ધવન, દિલજીત દોસાંઝ, મોના સિંહ સહિત ઘણા જાણીતા કલાકારો પણ છે. અનુરાગ સિંહના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ે સિનેમાઘરોમાં રિલીઝ થશે.

## બોલીવુડ ગોસીપ

### કરણ ઔજલા પર છેતરપિંડીનો આરોપ, પત્ની પલકે પહેલી પોસ્ટ શેર કરી, જવાબ આપવાનો સંકેત આપ્યો?


ગાયક કરણ ઔજલા પર કેનેડિયન કલાકારે તેના લગ્ન છુપાવીને તેની સાથે સંબંધ બાંધવાનો આરોપ લગાવ્યો છે. આ દરમિયાન, કરણ ઔજલાની પત્ની પલકે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે જે ચર્ચાનો વિષય બની ગઈ છે.પંજાબી ગાયક અને રેપર કરણ ઔજલા હવે એક વિવાદને કારણે



સમાચારમાં છે. વિકી કૌશલની ફિલ્મ ''બેડ ન્યૂઝ'' ના ૨૦૨૪ ના હિટ ગીત ''તૌબા તૌબા'' થી ઘરે ઘરે જાણીતી બનેલી ઔજલા પર એક કેનેડિયન કલાકારે છેતરપિંડીનો આરોપ લગાવ્યો છે. મહિલાનો આરોપ છે કે ગાયક તેના લગ્ન છુપાવીને તેની સાથે સંબંધમાં હતો. કલાકારના દાવા, જેને એમએસગોરી મ્યુઝિક તરીકે ઓળખવામાં આવે છે, ત્યારબાદ હવે બીજી એક ઓસ્ટ્રેલિયન રહસ્યમય મહિલાએ ગાયક પર આવા જ આરોપ લગાવ્યા છે.

### સંજય કપૂરની ત્રીજી પત્ની સુપ્રીમ કોર્ટમાં, કરિશ્મા કપૂરના છૂટાછેડાના દસ્તાવેજો સંબંધિત કેસ

કરિશ્મા કપૂર અને સંજય કપૂરે ૨૦૧૬ માં છૂટાછેડા લીધા હતા. સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ સંજય કપૂરની ત્રીજી પત્ની પ્રિયા કપૂર હવે છૂટાછેડાના તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલો જોવા માંગે છે. આ હેતુ માટે તેણીએ સુપ્રીમ



કોર્ટનો સંપર્ક કર્યો છે.પ્રિયા તેના સ્વર્ગસ્થ પતિ સંજય કપૂર દ્વારા કરવામાં આવેલી નાણાકીય વ્યવસ્થા અને બાળકોની કસ્ટડી સંબંધિત વ્યવસ્થાઓ જાણવા માંગે છે. આ માહિતી કરિશ્મા અને સંજય કપૂરના છૂટાછેડાના રેકોર્ડમાં જાહેર થશે. તેથી, તે તે છૂટાછેડાના દસ્તાવેજોની પ્રમાણિત નકલો માંગી રહી છે. જો કે, ન્યાયાધીશ એ.એસ. ચાંદુરકરની બેન્ચ વિચાર કરશે કે શું આ ગુપ્ત દસ્તાવેજો પ્રિયા કપૂરને આપવા જોઈએ.ઘણા સમયથી દિવંગત ઉદ્યોગપતિ સંજય કપૂરની મિલકતનો વિવાદ ચાલી રહ્યો છે. આ મામલો કોર્ટમાં છે. આ કેસમાં ઘણા લોકોએ પોતાના દ્રષ્ટિકોણ રજૂ કર્યા છે. હાલમાં કરિશ્મા કપૂરના બાળકો અને સંજય કપૂરની ત્રીજી પત્ની પ્રિયા સચદેવ વચ્ચે કોર્ટ કેસ ચાલી રહ્યો છે.

### મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન રાની મુખર્જીએ પતંગ ઉડાવી, વરુણ શર્મા અને પુલકિતે લોહરી ઉજવી

રાની મુખર્જીએ અમદાવાદમાં પતંગ ઉડાવવાના ઉત્સવમાં હાજરી આપી. આ કાર્યક્રમ મકરસંક્રાંતિના તહેવાર પહેલા યોજાયો હતો. તેણી પતંગ ઉડાવતી પણ જોવા મળી હતી. દરમિયાન, ચંદીગઢમાં, અભિનેતા વરુણ શર્મા અને પુલકિત સમ્રાટ ચાહકો સાથે લોહરી ઉજવતા જોવા મળ્યા. રાની મુખર્જીની ફિલ્મ 'મર્દાની ૩' નું ટ્રેલર તાજેતરમાં રિલીઝ થયું હતું. આ ફિલ્મ ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. રાની મુખર્જીએ પોતાની ફિલ્મનું પ્રમોશન શરૂ કરી દીધું છે. મંગળવારે, તે અમદાવાદ આવી અને પતંગ ઉડાવવાના ઉત્સવમાં ભાગ લીધો. આ ઉત્સવ મકરસંક્રાંતિના એક દિવસ પહેલા શરૂ થાય છે. આ પ્રસંગે રાનીએ લોકો સાથે પતંગ પણ ઉડાવી. પતંગ ઉડાવતી વખતે તે ખૂબ જ ખુશ દેખાતી હતી.

સેન્સર સર્ટિફિકેટના કારણે ફિલ્મની રિલીઝ અટકી ગઈ છે

# નિર્માતાઓ 'જન નાયગન'ને પ્રજાસત્તાક દિવસે રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા છે, બધાની નજર આગામી કોર્ટ સુનાવણી પર

રાજકારણમાં સંપૂર્ણપણે સક્રિય થયા પહેલા થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ માનવામાં આવતી 'જન નાયગન' હાલમાં કાનૂની મુશ્કેલીમાં ફસાઈ ગઈ છે. સેન્સર સર્ટિફિકેટના કારણે ફિલ્મની રિલીઝ અટકી ગઈ છે. આ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો, પરંતુ નિર્માતાઓને ફટકો પડ્યો. સુપ્રીમ કોર્ટે કેસ પાછો મદ્રાસ હાઈકોર્ટમાં મોકલી દીધો, જ્યાં આગામી સુનાવણી ૨૦ જાન્યુઆરીએ થવાની છે. જો નિર્ણય નિર્માતાઓની તરફેણમાં આવે, તો તેઓ ફિલ્મને પ્રજાસત્તાક દિવસ પર રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા છે.સેકનિલ્કના અહેવાલ મુજબ, ''જન નાયકન'' ના નિર્માતાઓ પ્રજાસત્તાક દિવસની આસપાસ ફિલ્મ રિલીઝ કરવાનું વિચારી રહ્યા છે. જો કે, આ ફક્ત ત્યારે જ શક્ય



છે જો ફિલ્મની આસપાસનો વિવાદ તે પહેલાં ઉકેલાઈ જાય. હકીકતમાં, સુપ્રીમ કોર્ટે કેસ મદ્રાસ હાઈકોર્ટમાં પાછો મોકલ્યા પછી, આગામી સુનાવણી ૨૦ જાન્યુઆરીએ થવાની છે. જો ફિલ્મને કોર્ટમાંથી રાહત મળે અને નિર્ણય નિર્માતાઓની તરફેણમાં આવે, તો નિર્માતાઓ તેને ૨૬ જાન્યુઆરીએ, પ્રજાસત્તાક દિવસના દિવસે રિલીઝ કરવાની યોજના બનાવી શકે છે. જો કે, આ ફક્ત ત્યારે જ શક્ય છે જો ૨૦ જાન્યુઆરીએ નિર્ણય નિર્માતાઓની તરફેણમાં આવે.ખરેખર, ઘણા ફિલ્મ વિશ્લેષકો અને અહેવાલો અપેક્ષા રાખી રહ્યા છે કે, વિજયની છેલ્લી ફિલ્મ હોવાથી, 'જન નાયકન' બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી શકે છે. આવી સ્થિતિમાં, નિર્માતાઓ માટે રાષ્ટ્રીય રજા કરતાં વધુ સારી તક કઈ હોઈ શકે? આ જ કારણ છે કે નિર્માતાઓ ૨૬ જાન્યુઆરી પર નજર રાખી રહ્યા છે. જો ૨૦ જાન્યુઆરીએ મદ્રાસ હાઈકોર્ટની સુનાવણી ફિલ્મના પક્ષમાં આવે છે, તો નિર્માતાઓ 'જન નાયકન'ને પ્રજાસત્તાક દિવસ પર રિલીઝ કરવાની યોજના બનાવી શકે છે. જોકે, એ જોવાનું બાકી છે કે પ્રજાસત્તાક દિવસ સોમવારે આવે છે કે નહીં. આવી સ્થિતિમાં, નિર્માતાઓ ફિલ્મને સોમવારે રિલીઝ કરવાનું વિચારશે કે તે પહેલા શુક્રવારે, જેથી તેઓ સોમવારની રજા સાથે વધારાના સપ્તાહાંતનો લાભ મેળવી શકે. જોકે, બોલીવુડ ફિલ્મ 'બોર્ડર ૨' પણ ૨૩ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે.વિજયની ફિલ્મો સામાન્ય રીતે ઘણી ચર્ચા પેદા કરે છે, અને ચાહકો આતુરતાથી તેમની રાહ જુએ છે. હવે જ્યારે 'જાન નાયગન'ને વિજયની છેલ્લી ફિલ્મ માનવામાં આવે છે, ત્યારે ચાહકો વધુ ઉત્સાહિત છે. આ જ કારણ છે કે ફિલ્મને મોટી શરૂઆત થવાની અને મજબૂત કમાણી થવાની અપેક્ષા છે. ઘણા અહેવાલો અનુસાર, ૯ જાન્યુઆરીએ રિલીઝ મુલતવી રાખવામાં આવે તે પહેલાં, ફિલ્મે એડવાન્સ બુકિંગમાં જબરદસ્ત કમાણી કરી હતી. ટ્રેડ રિપોર્ટ્સ અનુસાર, 'જાન નાયગન' એ પહેલા દિવસે એડવાન્સ બુકિંગમાં આશરે ૪૦ કરોડ અને વિદેશમાં પહેલા સપ્તાહના અંતે આશરે ૬૦ કરોડની કમાણી કરી હતી. પરંતુ ફિલ્મની રિલીઝ મુલતવી રાખ્યા પછી, રાતોરાત ૧૦૦ કરોડનું વૈશ્વિક પ્રી-સેલ ગાયબ થઈ ગયું, જેના કારણે ૨૫ દેશોમાં રેકોર્ડબ્રેક રિલીઝની યોજના બનાવી રહેલા વિદેશી વિતરકોને મોટો ફટકો પડ્યો.

એચ. વિનોથ દ્વારા દિગ્દર્શિત અને કેવીએન પ્રોડક્શન્સ દ્વારા નિર્મિત, ''જન નાયકન'' હિન્દીમાં ''જન નેતા'' તરીકે રિલીઝ થઈ રહી છે. તે એક રાજકીય થ્રિલર છે. ટ્રેલર રિલીઝ થયા પછી ચાહકો ફિલ્મને લઈને વધુ ઉત્સાહિત હતા. થલાપતિ વિજય ઉપરાંત, પૂજા હેગડે, બોબી દેઓલ, મમિતા બૈજુ, ગૌતમ વાસુદેવ મેનન અને પ્રકાશ રાજ પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

અભય વર્મા અને રાશા થડાનીની ફિલ્મ 'લાઇકી લાઇકા' ઘણા સમયથી સમાચારમાં છે

# રવિના ટંડનની પુત્રી પોતાની પ્રેમકથાથી ધૂમ મચાવશે, 'લાઇકી લાઇકા'નો પહેલો લુક રિલીઝ થયો છે

હો ૨૨ કોમેડી ફિલ્મ મુંજ્યા અને સ્ટાર કિડ રાશા થડાનીની આગામી ફિલ્મ 'લાઈકી લાઈકા'થી ચાહકોના દિલ જીતનાર અભિનેતા અભય વર્મા ઘણા સમયથી સમાચારમાં છે. નિર્માતાઓએ હવે આ રોમેન્ટિક થ્રિલર ફિલ્મનો ફર્સ્ટ લુક રિલીઝ કર્યો છે, જે સૂચવે છે કે 'લાઈકી લાઈકા'માં પ્રેમ અને સંઘર્ષનો નાટક હશે.'લાઈકી લાઈકા'ના નવીનતમ પોસ્ટર ઉપરાંત, ફિલ્મની રિલીઝ સંબંધિત મહત્વપૂર્ણ માહિતી પણ શેર કરવામાં આવી છે. ચાલો રાશા અને અભયની આગામી ફિલ્મના આ પોસ્ટર પર એક નજર કરીએ.અભય વર્મા અને રાશા થડાનીની ફિલ્મ 'લાઈકી લાઈકા' ઘણા સમયથી સમાચારમાં છે. ખાસ કરીને, પીઢ અભિનેત્રી રવિના ટંડનની પુત્રી, રાશા, આ ફિલ્મ માટે ચર્ચામાં છે. ગયા વર્ષે અજય દેવગણની ફિલ્મ 'આઝાદ'થી હિન્દી સિનેમામાં પ્રવેશ કરનારી રાશા થડાની માટે 'લાઈકી લાઈકા' એક મોટી સફળતા માનવામાં આવી રહી છે.આ ફિલ્મના પોસ્ટર પરથી સ્પષ્ટ થાય છે કે લાઈકી લાઈકા રાશાના અભિનય કારકિર્દીમાં એક વળાંક સાબિત થઈ શકે છે. ફિલ્મ વિવેચક તરણ આદર્શે તેમના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર લાઈકી લાઈકાનો ફર્સ્ટ લૂક પોસ્ટર શેર કર્યો છે. પોસ્ટરમાં, તમે એક છોકરા અને છોકરીના પગ જોઈ શકો છો, જે લોહીથી લથપથ દેખાય છે.લાઈકી લાઈકાનું આ પોસ્ટર એ પણ સંકેત આપે છે કે ફિલ્મ ઓનર કિલિંગના મુદ્દા પર આધારિત હોઈ શકે છે. જો કે, આની સત્તાવાર પુષ્ટિ ફિલ્મ રિલીઝ થયા પછી કરવામાં આવશે. હાલમાં, લાઈકી લાઈકાનું આ પોસ્ટર સોશિયલ મીડિયા પર વ્યાપકપણે પસંદ કરવામાં આવી રહ્યું છે.



# 'પ્રેક્ષકો કોઈ એજન્ડા સાથે ફિલ્મો જોવા નથી આવતા,' રાની મુખર્જી



ફિલ્મોની રિલીઝને લઈને સોશિયલ મીડિયા પર અચાનક નકારાત્મકતાનો ફેલાવો એક મોટી સમસ્યા બની રહી છે. ઘણીવાર, ફિલ્મ કે અભિનેતા વિશે તેની રિલીઝ પહેલાં જ એક હાઈપ બનાવવામાં આવે છે, જેના કારણે પૂર્વધારણાઓ ઊભી થાય છે. અભિનેત્રી રાની મુખર્જીએ આ મુદ્દા પર પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા છે. અમર ઉજાલા ડિજિટલ સાથેની વાતચીતમાં, રાનીએ આ મુદ્દા પર ખુલીને વાત કરી. પ્રેક્ષકો હંમેશા સાચા હોય છે. આજે પણ, હું માનતી નથી કે પ્રેક્ષકો કોઈ એજન્ડા સાથે ફિલ્મો જોવા આવે છે. લોકો ખુલ્લા હૃદયથી થિયેટરમાં આવે છે.

"વુડ એડહેસિવ્સ અમારી શ્રેણીની કરોડરજ્જુ છે અને બોન્ડટાઇટ તેને સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ સાથે નેતૃત્વ આપવા માટે તૈયાર છે

# બોન્ડટાઈટ દ્વારા રણબીર કપૂર સાથે મળીને ભારતીય એડહેસિવ બજારને નવી દિશા આપતી ભવ્ય પહેલ

## જે ઉદ્યોગો, વેપાર અને ઘરગથ્થુ ઉપયોગ માટે બાંધકામ અને રિપેરિંગની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરે છે




• અમદાવાદ

30 વર્ષથી વધુનો મજબૂત વારસો ધરાવતી અને ભારતની સૌથી વિશ્વસનીય એડહેસિવ બ્રાન્ડ્સમાંની એક, એસ્ટ્રલ લિમિટેડની બોન્ડટાઇટ હવે તેના નવા બ્રાન્ડ કેમ્પેઇન સાથે એક મહત્વપૂર્ણ પગલું ભરવા જઈ રહી છે. આ પહેલ ભારતીય એડહેસિવ બજારમાં બોન્ડટાઇટને એક પ્રીમિયમ ચેલેન્જર બ્રાન્ડ તરીકે વધુ મજબૂત બનાવવા માટે લેવામાં આવી છે.

આ વ્યૂહાત્મક પગલાં હેઠળ બોન્ડટાઈટે જાણીતા અભિનેતા રણબીર કપૂરને તેના બ્રાન્ડ ફેસ તરીકે જોડ્યા છે. અનેક પેઢીઓમાં લોકપ્રિયતા ધરાવતા રણબીર કપૂર વિશ્વાસ, વર્સેટિલિટી અને વ્યાપક આકર્ષણ માટે જાણીતા છે. આ ગુણધર્મો બોન્ડટાઇટના બ્રાન્ડ મૂલ્યો સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતા હોવાથી, આ સહયોગ બ્રાન્ડને વધુ મજબૂત અને સંબંધિત બનાવે છે. રણબીર કપૂરની જોડાણ બોન્ડટાઇટના વિવિધ એપ્લિકેશન્સ માટેના એડહેસિવ વિઝનમાં નવી ઊર્જા અને આત્મવિશ્વાસ ઉમેરે છે.

આગામી કેમ્પેઇનનો મુખ્ય ફોકસ વુડ એડહેસિવ્સ પર રહેશે, જે બોન્ડટાઇટ માટે એક મહત્વપૂર્ણ ગ્રોથ ડ્રાઈવર તરીકે ઉભરી આવી રહ્યા છે. વુડ એડહેસિવ્સ ઉપરાંત, બોન્ડટાઇટ પાસે ઈપોક્સી અને સાયનોએક્રીલેટ (ઝડપી) એડહેસિવ્સનો પણ મજબૂત પોર્ટફોલિયો છે, જે ઉદ્યોગો, વેપાર અને ઘરગથ્થુ ઉપયોગ માટે બાંધકામ અને રિપેરિંગની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

આ કેમ્પેઇનના લોન્ચ સમયે એસ્ટ્રલ લિમિટેડ (એડહેસિવ્સ અને પેઈન્ટ્સ)ના CEO શ્રી સૌમ્ય એન્જિનિયરે જણાવ્યું હતું કે,"બોન્ડટાઈટે તેની કામગીરી અને કન્સિસ્ટન્સી દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી બજારમાં વિશ્વાસ મેળવ્યો છે. મજબૂત સેલિબ્રિટી એસોસિએશન સાથેની આ નવી કેમ્પેઇન, ખાસ કરીને વ્હાઈટ એડહેસિવ્સ સેગમેન્ટમાં વૃદ્ધિ માટે અમારા નવા ઉત્સાહ અને આત્મવિશ્વાસને દર્શાવે છે. અમારું વિઝન રાષ્ટ્રીય સ્તરે એક વિશ્વસનીય બ્રાન્ડ બનાવવાનું છે, જે પ્રોફેશનલ્સ, કારીગરો અને ગ્રાહકોને એક શક્તિશાળી અને વિશ્વસનીય વિકલ્પ આપે. સમગ્ર ભારતમાં અમારી પહોંચને વધુ મજબૂત બનાવવાનું આ એક મહત્વપૂર્ણ પગલું છે."

આ નવી કેમ્પેઈન માત્ર બોન્ડટાઇટની બ્રાન્ડ વિઝિબિલિટી વધારવા માટે જ નહીં, પરંતુ સર્જન, બાંધકામ અને રોજિંદા ઉપયોગમાં એડહેસિવ્સના મહત્વ વિશે વધુ જાગૃતિ લાવવા અને તેનો સ્વીકાર વધારવાની બ્રાન્ડની મહત્ત્વાકાંક્ષા પણ દર્શાવે છે. એસ્ટ્રલની મજબૂત મેન્યુફેક્ચરિંગ, ડિસ્ટ્રિબ્યુશન અને ઈનોવેશન ક્ષમતાઓના આધાર સાથે, બોન્ડટાઇટ પોતાની માર્કેટ પ્રેઝન્સને વધુ મજબૂત બનાવશે અને ભારતીય એડહેસિવ બજારના ભવિષ્યને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આ કેમ્પેઈન અનેક મીડિયા પ્લેટફોર્મ્સ પર રજૂ કરવામાં આવશે, જે બોન્ડટાઇટ માટે એક નવા અધ્યાયની શરૂઆત કરશે – જ્યાં પરફોર્મન્સ, વિશ્વાસ અને આકાંક્ષા એક મજબૂત બંધન સાથે જોડાય છે.

એસ્ટ્રલ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી કૈરવ એન્જિનિયરે જણાવ્યું હતું કે, "વુડ એડહેસિવ્સ અમારી શ્રેણીની કરોડરજ્જુ છે અને બોન્ડટાઇટ તેને સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ સાથે નેતૃત્વ આપવા માટે તૈયાર છે. બોન્ડટાઇટને 'લકડી કા ચુંબક' તરીકે સ્થાન આપીને, અમે સુથારો, એપ્લીકેટર્સ અને ટ્રેડ પાર્ટનર્સ માટે પસંદગી સરળ બનાવી રહ્યા છીએ. રણબીર કપૂર સાથેનું જોડાણ આ મજબૂત સંબંધમાં વધુ વિશ્વાસ ઉમેરે છે અને આજના ફોકસ્ડ માર્કેટમાં એક વિશ્વસનીય અને હાઈ-પરફોર્મન્સ વિકલ્પ તરીકે અમને વધુ મજબૂત બનાવે છે."

ભારતની સૌથી ઝડપી ગતિએ વિકસતી બિલ્ડિંગ મટિરિયલ્સ અને કન્સ્ટ્રક્શન સોલ્યુશન્સ કંપનીઓમાંની એક, એસ્ટ્રલ લિમિટેડનો ભાગ હોવાને કારણે બોન્ડટાઇટને પાઈપ્સ, બાથવેર, વોટર ટેન્ક્સ, કન્સ્ટ્રક્શન કેમિકલ્સ, એડહેસિવ્સ, સીલન્ટ્સ અને પેઈન્ટ્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં એસ્ટ્રલની મજબૂત હાજરીનો લાભ મળે છે. આ નવી કેમ્પેઈન સાથે, બોન્ડટાઇટ પ્રોફેશનલ્સ અને ગ્રાહકો બંને માટે હાઈ-પરફોર્મન્સ, વિશ્વસનીય અને નવીન એડહેસિવ સોલ્યુશન્સ પ્રદાન કરવાની પોતાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી રહી છે.

રાજપીપળા કોલેજનું કેમ્પસ બન્યું ડ્રગ્સ મુક્ત કેમ્પસ

# આજે રાજપીપલા કોલેજમાં વિદ્યાર્થીઓએ નશો નહીં કરવાના સંકલ્પો લેવડાવ્યાં

**જાગૃતિ કાર્યક્રમો** ગુજરાત પ્રદેશના NSUI ના પ્રમુખ નરેન્દ્ર ભાઈ સોલંકીની આગેવાની હેઠળ સરાહનીય કાર્ય કરાયું

• દીપક જગતાપ, રાજપીપલા

અમદાવાદ ખાતે 2 જાન્યુઆરીથી NSUI દ્વારા એક કેમ્પઈન ની શરૂઆત થઈ હતી.જેનું નામ 'ડ્રગ્સ મુક્ત કેમ્પસ' નામ આપવામાં આવ્યું હતું.જેના ભાગ રૂપે સમગ્ર ગુજરાતની મોટી કોલેજોમાં વિદ્યાર્થી ઓના જીવનને બચાવવા માટે NSUI દ્વારા વિવિધ જિલ્લા માં વિવિધ કોલેજો માં જઈ રહી છે ત્યારે આ ગુજરાતની યુવાધનને ડ્રગ્સ નશાથી બરબાદ થતા બચાવવા માટે ગુજરાત પ્રદેશના NSUI ના પ્રમુખ નરેન્દ્ર ભાઈ સોલંકી ની આગેવાની હેઠળ આજે રાજપીપલા ની એમ આર આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે ડ્રગ જાગૃતિ અંગેનો કાર્યક્રમ પૂર્વ ધારાસભ્ય પીડી વસાવા અને NSUI નાં આગેવાનોની ઉપસ્થિતી માં રાજપીપલા કોલેજ માં NSUI નો સંકલ્પ ડ્રગ મુક્ત



કેમ્પસ નો સંકલ્પ લેવડાવ્યા હતાં આ પ્રસંગે નરેન્દ્રભાઈ સોલંકી,પ્રમુખ ગુજરાત પ્રદેશ NSUI એ જણાવ્યું હતું કેગુજરાતમાં યુવાનોમાં દિવસે દિવસે નશાનું પ્રમાણ વધતું જાય છે એના ભાગરૂપે ગુજરાત એનએસયુઆઈ દ્વારા 2026 ના શરૂઆતના વર્ષમાં એક સંકલ્પ કરવામાં આવ્યો હતો કે 'એનએસઈયુ નો સંકલ્પ,ડ્રગ્સ મુક્ત સંકલ્પ ' અને તેની શરૂઆત અમદાવાદથી ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતેથી 1500 થી વધારે ડ્રગ્સ કોરિયર્સની ઉપસ્થિતિમાં કરવામાં આવી. અને ત્યાં એક સંકલ્પ લેવામાં આવ્યો કે ગુજરાતમાં 200થી વધારે કેમ્પસમાં જઈ અને ડ્રગ્સ મુકતના અભ્યાનને વેગ આપવો અને અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવી.

ત્યારે એના ભાગરૂપે આજે રાજપીપળામાં શ્રી એમ આર આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ રાજપીપળા ખાતે એનએસ યુ આઈનો સંકલ્પ ડ્રગ્સ મુક્ત સંકલ્પનાં યોજાયેલ કાર્યક્રમમાં આજની યુવા પેઢીને ડ્રગ્સમાંથી મુક્ત થવા માટેનું આહવાહન કરવામાં આવ્યું હતું આજકાલ ડ્રગ્સ પેડલરો યુનિવર્સિટીઓ અને કોલેજ કેમ્પસમાં ડ્રગ્સનું નેટવર્કિંગ ઉભું કરે છે.આ લોકોનો ટાર્ગેટ ૧૮ થી ૨૫ વર્ષના યુવાનોને ટાર્ગેટ કરવાનો છે છેલ્લા પાંચ વર્ષમાં રીહેબ સેન્ટર નો આંકડો ખૂબ જ ઓછો 12000 જેટલો હતો આજે 60 હજાર થી વધુ લોકો રીહેબ સેન્ટરમાં એની ટ્રીટ મેન્ટ લે છે.અને અને આજે લાખોની સંખ્યામાં ડ્રગ્સનું સેવન ગુજરાતમાં યુવાનો કરતા થઈ ગયા છે જે ચિંતાનો વિષય છે.

# વિરમગામમાં દોરીથી ઘાયલ 10 થી વધુ પક્ષીઓને સારવાર આપી જીવ બચાવ્યા

### જીવદયા પ્રેમીઓ દ્વારા આઇબીસ પક્ષીની પણ સારવાર કરાઇ હતી

• (વંદના નીલકંઠ વાસુકીયા) વિરમગામ

ઉત્તરાયણના તહેવાર દરમ્યાન અનેક પક્ષીઓ પતંગ દોરીમાં ફસાઈને ઘાયલ થાય છે અને જો પક્ષીઓને તાત્કાલીક જરૂરી સારવાર આપવામાં ન આવે તો ઘાયલ પક્ષીનું મૃત્યુ પણ થઈ શકે છે. વિરમગામ શહેર સહિત પંથકમાં ઉતરાયણના તહેવાર દરમ્યાન પતંગની દોરીથી, તેમજ વીજ કરંટથી ઘાયલ થયેલા પક્ષીઓ ને સારવાર આપવા માટે છેલ્લા 14 વર્ષોથી વિરમગામ ગૌરક્ષા દળ અને શ્રી શાંતીનાથ જૈન મિત્રમંડળ અને સ્નેહ ફાઉન્ડેશન દ્વારા પક્ષી બચાવો જીવદયા અભિયાન ચલાવવામાં આવ્યું હતું. વિરમગામમાં જીવદયા પ્રેમીઓ દ્વારા આગામી 14 અને 15 જાન્યુઆરી (ઉતરાયણ અને વાસી ઉતરાયણ)ના દિવસે ઈજાગ્રસ્ત પક્ષીઓ માટે હેલ્પલાઈન સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા. વિરમગામમાં (1) ખોડીયાર મંદિર, મુનસર રોડ પાસે (2) શાંતિનાથ દેરાસર પાસે અને (3) પાંજરાપોળ માટે સારવાર કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતા . જેમા બે દિવસમાં કુલ 10 થી વધુ ઘાયલ પક્ષીઓની સારવાર આપવામાં આવી હતી. જેમા 7 કબૂતર ,2 આઈબીસ અને એક રાષ્ટ્રીય પક્ષી મોર ની સારવાર આપવામા આવી પતંગ ની દોરીથી વધુ ઘાયલ આઈબીસ પક્ષી પશુ દવાખાના ખાતે વધુ સારવાર અપાઈ હતી તમામ સારવાર આપી પક્ષીઓ ને વિરમગામ પાંજરાપોળ મૂકવામા આવ્યાં હતાં. ઘાયલ પક્ષીઓને સારવાર અપાવવા માટે પશુચિકિત્સક ડો.હર્ષદભાઈ પ્રજાપતિ, પશુ દવાખાના વેટરનરી ઓફિસર ડો.નેહા મોદી , પ્રવિણભાઈ શાહ, વિપુલભાઈ ગાંધી, નગીનભાઈ દલવાડી, પીયૂષ ગજ્જર, જે.ડી.રાજપૂત, સુધીરદાન ગઢવી ,ભાવેશ ચૌહાણ, સતિષ ઠાકોર, સહિતના જીવદયા પ્રેમીઓએ જહેમત ઉઠાવી હતી.



# ગુજરાતી સિનેમામાં સસ્પેન્સનો નવો અધ્યાય: શ્રદ્ધા ડાંગર અને ગૌરવ પાસવાલા સ્ટારર ફિલ્મ 'પાતકી'નું દમદાર ટ્રેલર લોન્ચ

અમદાવાદ: ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વર્ષ 2026ની શરૂઆત એક ધમાકેદાર સસ્પેન્સ થ્રિલર સાથે થવા જઈ રહી છે. અભિનય દેશમુખ દ્વારા નિર્દેશિત અને 'એએમપી સ્ટુડિયો પ્રોડક્શન્સ'ના બેનર હેઠળ બનેલ આ ફિલ્મ અવિરત પિક્ચર્સ, કાલાંશ ક્રિએટીવ્સ, પામ સ્ટુડિયો, કનક પિક્ચર્સ અને વિઝન મુવી મેકર્સના એસોશિએશન સાથે નિર્માણ થયેલ છે. ફિલ્મ 'પાતકી' નું સત્તાવાર ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં પ્રતિભાશાળી અભિનેત્રી શ્રદ્ધા ડાંગર અને જાણીતા અભિનેતા ગૌરવ પાસવાલા મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. દિવ્યેશ દોશી, આલાપ કિકાણી, નૃપલ પટેલ, આનંદ ખમર અને રાજુ રાયસિંઘાની આ ફિલ્મના પ્રોડ્યુસર્સ છે. મુખ્ય કલાકારો ઉપરાંત સુચિતા ત્રિવેદી, હિતેન તેજવાણી, ઉજ્જવલ દવે, કરણ જોશી અને આકાશ ઝાલા જેવા દિગ્ગજ કલાકારો મહત્વના રોલમાં છે. ટ્રેલર લિંક: https://youtu.be/A0gpM3uqtbs ફિલ્મની વાર્તા અંગે જણાવીએ તો, 'એક માણસ જ્યાં સુધી દોષિત સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે, પરંતુ જો તે ખરેખર દોષિત હોય અને તેમ છતાં નિર્દોષ સાબિત થાય તો? માનવ (ગૌરવ પાસવાલા) એક મહત્વાકાંક્ષી છતાં જમીન




સાથે જોડાયેલો કોર્પોરેટ પ્રોફેશનલ છે, જેનું જીવન આદર્શ લાગે છે. તેની પત્ની નિત્યા (શ્રદ્ધા ડાંગર) તેની તાકાત છે અને તેમનું લગ્નજીવન એકદમ સુખી છે. પરંતુ અચાનક જ માનવની આ સપના જેવી દુનિયા વિખેરાઈ જાય છે. સર્જાયેલી અરાજકતામાં માનવ બધી ઘટનાઓ માટે પોતાને જવાબદાર માને છે. અપરાધભાવથી પીડાતો માનવ પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારવાનું નક્કી કરે છે, પરંતુ વાર્તા ત્યારે વિચિત્ર વળાંક લે છે જ્યારે દરેક પુરાવા માનવના નિવેદનને પડકારે છે.

તે જ્યારે આત્મશંકાના વમળમાં ફસાય છે, ત્યારે સત્ય બહાર આવે છે. 'પાતકી' એ જ દર્શાવે છે કે આપણે બધા એક સ્તરે નિર્દોષ છીએ અને બીજા સ્તરે દોષિત. ટ્રેલર લોન્ચ પ્રસંગે શ્રદ્ધા ડાંગરે જણાવ્યું કે, 'આ ફિલ્મની વાર્તા ખૂબ જ અલગ અને ચેલેન્જિંગ છે. પ્રેક્ષકોને આમાં મારો એક નવો જ અવતાર જોવા મળશે.' જ્યારે ગૌરવ પાસવાલાએ ઉમેર્યું કે, ''પાતકી' ગુજરાતી સિનેમામાં સસ્પેન્સના નવા સ્તરને સ્પર્શે છે. આ ફિલ્મમાં મારો રોલ એક એવા માણસનો છે જે પોતાની જ વાસ્તવિકતા સામે લડી રહ્યો છે.' સસ્પેન્સ, ડ્રામા અને રહસ્યથી ભરપૂર ફિલ્મ 'પાતકી' 30 જાન્યુઆરી, 2026 ના રોજ સમગ્ર ગુજરાત, મુંબઈ અને દુબઈ, યુએસ, યુકે, કેનેડા, ઈસ્ટ આફ્રિકા, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને તમામ ગલ્ફ દેશોના સિનેમાઘરોમાં પેનોરમા સ્ટુડિયો દ્વારા વર્લ્ડ વાઈડ રિલીઝ કરવામાં આવશે.

15 જાન્યુઆરીએ હજારો સાધુ સંતો એ કોટેશ્વર સરસ્વતી નદીના કુંડ માં શાહી સ્નાન

# અંબાજી ના માનસરોવર ખાતે ચાલી રહેલ સાધુ મેળો સંપન્ન થયો

• અરવિંદ અગ્રવાલ અંબાજી

અંબાજી ખાતે તારીખ 11 જાન્યુઆરીથી શરૂ થયેલ સાધુ મેળો 15 તારીખે સંપન્ન થયો આયોજનના છેલ્લા દિવસે હજારો સાધુ સંતોએ અંબાજી નગર ભ્રમણ કરી કોટેશ્વર ખાતે પવિત્ર સરસ્વતી નદીના કુંડમાં શાહી સ્નાન કર્યું હતું શંભુ દશનામ આહવાન અખાડા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં હજારો સાધુ સંતોએ ભાગ લીધો હતો 11 જાન્યુઆરીથી ચાલુ થયેલ આ સાધુમેળામાં ધર્મ ધજા સ્થાપના, કન્યા પૂજન, સાધુ સંતોનો સન્માન, માનસરોવર મા ગંગા આરતી તેમજ કોટેશ્વર ખાતે શાહી સ્નાન જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

આ સાધુ મેળામાં વિદેશી સંતો એ પણ આકર્ષણ જણાવ્યું હતું જેમાં જર્મની,ફ્રાન્સ, રૂસ ના સંતોએ ભાગ લીધો હતો શંભુ દસનામ આવવાના અખાડા અને અંબાજી ગ્રામજનોના સહયોગથી આ સંપૂર્ણ કાર્યક્રમ ધાર્મિક વિધિ વિધાન સાથે સંપન્ન થયો હતો.ભાવિક ભક્તો એ તન મન અને ધનથી આ કાર્યક્રમમાં સેવા આપી હતી અને દાનથી પણ સહયોગ કર્યો હતો. અંબાજીમાં મહંત થાણાપતિ વિજય પુરીજી મહારાજ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી આ શાહી સ્નાન નું આયોજન કરવામાં આવે છે જેમાં ગામ લોકો પણ ખૂબ જ ઉત્સાહથી જોડાય છે



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI